Digital Copy

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યુઝપેપર

जननी जन्मभूमिश्च स्वर्गदपि गरियसी

# ગરવી ગુજરાત

I ❤ Gujarat

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 23 | 22 November 2025 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujarat2025@gmail.com | CANADA |

# હિંદુ સ્વામિનારાયણ મંદિરમાં બાળકો દ્વારા અન્નકૂટ ઉત્સવની ભવ્ય ઉજવણી કરાઈ





























દર વર્ષે હિંદુ સ્વામિનારાયણ મંદિરમાં (Professional Court, Mississauga) અન્નકૂટ ઉત્સવની ભવ્ય ઉજવણી હરિપ્રબોધમ પરિવારના સહુ સંતો-ભક્તોના પવિત્ર સાનિધ્યમાં યોજાતી આવી છે. આ વર્ષે પણ મંદિર ખાતે પરંપરાગત અન્નકૂટ ઉત્સવ ભાવપૂર્વક ઉજવાયો હતો. પરંતુ 16 નવેમ્બર 2025 ના રોજ સૌ પ્રથમ વખત એક વિશેષ "Kids Annakoot" નામે બાળકો માટેના અન્નકૂટનું અનોખું અને સંસ્કારસભર આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન પાછળની ભાવના ખૂબ સુંદર હતી—"જેમ આપણે સહુ અન્નકૂટનો લાભ લઈએ છીએ, તેમ બાળકો પણ એમના માટેના જ આ વિશેષ દિવ્ય પર્વમાં જોડાઈ શકે અને તેમના જીવનમાં ભક્તિ તથા સંસ્કારોનો પાયો મજબૂત બને".

આ કાર્યક્રમમાં 12 વર્ષ અને તેનાથી નાની ઉંમરના 48 દીકરાઓ અને 67 દીકરીઓ, પોતાના વાલીઓ સાથે ઉમળકાભેર જોડાયા હતા. આ કાર્યક્રમમાં કુલ 115 બાળકો અને તેમના વાલીઓ સહિત ટોટલ 300 ભક્તો ઉમળકાભેર જોડાયા, જેમાં 67 દીકરીઓ અને 48 દીકરાઓ સામેલ હતા. આ વિશાળ આયોજનને સફળ બનાવવા માટે 30 થી 45 જેટલા મુખ્ય સેવકોએ સેવાભાવથી દિવસભર સતત સેવા બજાવી હતી.

Kids અન્નકૂટના દિવસે સવારે ૯:00 વાગ્યે registration શરૂ થયું હતું. Registration desk પાસે photo boothનું પણ આયોજન હતું જ્યાં દરેક બાળકોએ પોતાના વાલીઓ સાથે ઉમળકાભેર pictures પડાવ્યા હતા. દરેક બાળકને registration પછી "Star Wallet" આપવામાં આવ્યું હતું. જેમાં બાળકોને વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધા બાદ points / stars આપવામાં આવ્યાં હતા. આ ઉત્સવમાં બાળકોના આનંદ માટે ખાસ 8 Arcade Game Stalls ગોઠવવામાં આવ્યા હતા

અનુસંધાન પાના નં. 5

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**15 નવેમ્બરથી આવતા શનિવાર સુધી**

**મેષ રાશિ અ, લ, ઈ** આ સપ્તાહ નવો ઉત્સાહ અને પ્રગતિ લાવશે. અટકેલા કાર્ય ઝડપથી આગળ વધશે. કાર્યક્ષેત્રે આત્મવિશ્વાસ વધશે. આરોગ્ય સામાન્ય રહેશે, પરંતુ ઊંઘ પૂરતી લેવી.

**વૃષભ રાશિ બ, વ, ઉ** તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થવાની શક્યતા છે. તમને નવી જવાબદારીઓ મળશે. પરિવાર સાથે સારો સમય પસાર થશે. તમારે ખાવા-પીવામાં સંયમ રાખવો પડશે.

**મિથુન રાશિ ક, છ, ઘ** તમારા સંબંધોમાં ગેરસમજ દૂર થશે. તમારી મનોવ્યથા હળવી બનશે. તમારે પ્રવાસ અથવા કામકાજ સંબંધિત નવી તક મળી શકે. મિત્રોથી સહયોગ મળશે.

**કર્ક રાશિ ડ, હ** તમારા કાર્યસ્થળે દબાણ વધી શકે છે, પરંતુ તમારી ધીરજ કામ તમને આવશે. તમારા પરિવારની ફરજોમાં વધારો. તમારે પૈસાની લેતી-દેતીમાં સાવચેત રહેવું.

**સિંહ રાશિ મ, ટ** તમારૂ આ સપ્તાહ ખુબ સફળતાઓથી ભરેલું રહેશે. તમન નવી તક, ઇન્ટરવ્યૂ, બિઝનેસ મીટિંગ માટે ઉત્તમ સમય. તમારા સ્નેહીઓ તરફથી સકારાત્મક સહકાર મળશે.

**કન્યા રાશિ પ, ઠ, ણ** તમારી યોજના પ્રમાણે કામ થશે. લાંબા સમયથી અટકેલી દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ થવાની સંભાવના. તમારા આરોગ્યમાં સુધારો થાય. નાની મોસાળ મુસાફરી શક્ય.

**તુલા રાશિ ર, ત** વ્યવસાયે વૃદ્ધિનો માર્ગ ખુલી શકે. પાર્ટનરશિપમાં લાભ. ખર્ચામાં વધારો થઈ શકે, પરંતુ કમાણી પણ સારું પરિણામ આપશે. વ્યક્તિગત જીવન મધુર.

**વૃશ્ચિક રાશિ ન, ય** તમારૂ આ સપ્તાહ ઉત્તમ રહેશે. તમારા માન-સન્માનમાં વધારો. મહત્વના લોકો સાથે સંપર્ક વધશે. તમારા ઘર- કુટુંબ પરિવારમાં શુભ પ્રસંગ અથવા ખુશખબર મળે.

**ધન રાશિ ભ, ધ, ફ, ઢ** તમારા જૂના કામોમાં અવરોધ આવી શકે તેમ છે પરંતુ અંતે તમને સફળતા મળશે. નવા લોકો પર વધુ વિશ્વાસ ન રાખવો. અભ્યાસ અને કારકિર્દી માટે સારો સમય.

**મકર રાશિ ખ, જ** તમારે આર્થિક મોરચે સારો સુધારો થાય. તમે બિઝનેસમાં નફો મેળવો. મોટા નિર્ણયોમાં પરિવારનો સલાહ ફાયદાકારક. તમારા આરોગ્ય અંગે થોડું ધ્યાન રાખવું.

**કુંભ રાશિ ગ, સ, શ, ષ** તમારા સ્નેહ તથા સંબંધોમાં સારી મીઠાશ આવે. કારકિર્દીમાં નવો વળાંક. તમારા ક્રિએટિવ કામમાં તમારી ખુબ સફળતા થાય. તમારો માનસિક આનંદ વધશે.

**મીન રાશિ દ, ચ, ઝ, થ** આ સપ્તાહ તમને મિશ્ર ફળદાયી રહેશે. મહત્વના કામમાં વિલંબ. લાંબા ગાળાના આયોજન માટે ઉત્તમ સમય. આધ્યાત્મિકતા અથવા ધ્યાનમાં રસ વધશે.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054**
**વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

**તંત્રી લેખ**

# પોતાની સંસ્કૃતિ, પોતાના તહેવારો અને પોતાની મૂલ્યોને જીવંત રાખવું એ દરેક ગુજરાતી માટે ગૌરવ

પ્રિય વાચક મિત્રો,

ગરવી ગુજરાત ડિજિટલ ન્યૂઝ પેપર – કેનેડા આજે જે લોકપ્રિયતા અને વિશ્વાસના શિખરોને સ્પર્શી રહ્યું છે, તે આપ સૌના નિષ્ઠાપૂર્ણ સાથ સહકાર અને સક્રિય ભાગીદારીને કારણે જ શક્ય બન્યું છે.

વિદેશભૂમિમાં રહીને પોતાની સંસ્કૃતિ, પોતાના તહેવારો અને પોતાની મૂલ્યોને જીવંત રાખવું એ દરેક ગુજરાતી માટે ગૌરવની બાબત છે. અને આ ગૌરવને શબ્દ, સમાચાર અને તસવીરોના માધ્યમથી વિશ્વ સુધી પહોંચાડવાનું પાવન કાર્ય આપ સૌના સહયોગથી જ શક્ય બને છે.



કોમ્યુનિટીમાં આયોજાતા ધાર્મિક ઉત્સવો, સાંસ્કૃતિક ઉજવણીઓ, સામાજિક સેવાકાર્યો અને યુવા પેઢીની સર્જનાત્મક પ્રવૃત્તિઓ – દરેક કાર્યક્રમ આપણાં સંસ્કાર અને સંસ્કૃતિની ઝાંખી આપે છે.

આવા દરેક કાર્યક્રમના સમાચાર, તસવીરો અને ભાવના ભરેલા લેખ આપણે સુધી પહોંચે છે, કારણ કે આપ સૌ જાતે જ ઉત્સાહપૂર્વક મોકલો છો. આપની આ ભાવના, આ જોડાણ અને પોતાની કોમ્યુનિટીને જોડીને રાખવાનો આ નિષ્ઠાભર્યો પ્રયાસ અમૂલ્ય છે.

ગરવી ગુજરાત ડિજિટલ ન્યૂઝ પેપર નિરંતર પ્રયત્નશીલ છે કે દરેક ગુજરાતી પરિવાર સુધી આપણા ગ્રુપની કામગીરી, ભાવનગરતા, મૂલ્યો અને ઉજવણીઓ પહોંચે.

આપ સૌ વાચકોને હૃદયપૂર્વક વિનંતી છે કે –

તમારા ગ્રુપના કાર્યક્રમો, ધાર્મિક પ્રસંગો, સાંસ્કૃતિક ઉજવણીઓ, સમાજ સેવા, યુવાનોની ખાસ સિદ્ધિઓ, અથવા કોઇ ખાસ માહિતી હોય, તો

ઈમેલ અથવા WhatsApp દ્વારા મોકલીને સહકાર આપતા રહેશો.

તમારો દરેક મોકલેલો સમાચારનો ટુકડો, દરેક ફોટો, દરેક વિચાર –

આ ડિજિટલ ન્યૂઝ પેપરને વધુ સમૃદ્ધ, સશક્ત અને પ્રેરણાદાયી બનાવે છે.

આપ સૌનો દિલથી આભાર,


આપના સાથથી જ "ગરવી ગુજરાત" કેનેડામાં રહેતા દરેક ગુજરાતી હૃદયનો અવાજ બની શક્યું છે.

વિદેશમાં પણ પોતાની સંસ્કૃતિનો ધ્વજ લહેરાતો રહે –

એ જ આપણી સંકલ્પશક્તિ, એ જ આપણી ઓળખ, અને એ જ આપણી ગૌરવગાથા છે.

**સુજ્ઞેશ પટેલ**
**(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ન્યુઝ પેપર) 4379670062**
**garvigujarat2025@gmail.com**

**કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો**


Astrology- એસ્ટ્રોલોજી -જ્યોતિષવિદ્યા , જ્યોતિષશાસ્ત્ર

એક હજામની દુકાને બોર્ડ લગાવેલું હતું.

Astrology (એસ્ટ્રોલોજી) જ્યોતિષના માસ્ટર પાસે સારામાં સારી બાલ દાઢી કરાવો .

આ બોર્ડ વાંચી ને હું એની દુકાને દાઢી કરાવવા ગયો અને હજામે જેવી દાઢી કરવાની ચાલુ કરી કે મેં પૂછ્યું :" તમે Astrology ((એસ્ટ્રોલોજી) જ્યોતિષના માસ્ટર છો તો હજામતના ધંધામાં કેમ પડ્યા ?"

હજામે જવાબ આપ્યો :" મને જ્યોતિષવિદ્યા શીખતાં શીખતાં 12-13 મહિના નીકળી ગયા પણ હું બરાબર શીખ્યો નહિ એટલે મારા ગુરુજીએ મને ગુસ્સામાં સંભળાવી દીધું કે તારા કરતાં તો હજામ સારો કે જે અસ્ત્રો (Astro ) ચલાવતાં 2-3 મહિનામાં શીખી જાય અને તું તો હજામ બનવાને પણ લાયક નથી ."

આ સાંભળી મને બહુ ખોટું લાગ્યું અને 2-3 મહિનામાં અસ્ત્રો ચલાવવામાં માસ્ટર થઇ ગયો આથી મારી આ અસ્ત્રો (Astro ) ચલાવવાની વિદ્યા ને હું Astrology (એસ્ટ્રોલોજી ) કહું છું.

** પુસ્તક-"Spelling Therapy" ના સર્જક એસ .કે. પટેલ કેનેડા ના સૌજન્યથી

**સંકલન શ્રી એસ કે પટેલ કેનેડા રિટાયર્ડ પ્રિન્સિપાલ**

**આપની સામે ભલે સોદો મફતમાં થઈ ગયો, આમ જો પૂછો બહુ મોંઘાં અમારાં દામ છે.**

**મરીઝ. સંકલન ડૉ. પ્રકાશભાઈ ઠક્કર કાલોલ ગુજરાત**

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દ્વારા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.


I AM DIFFERENT !!
@realtorravipatel
Looking for the Right Real Estate Expert?
Ravi Patel
REALTOR
Let's Find Your Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME
REALTY BROKERAGE

IATA

Best Voyage Pvt. Ltd.

CELEBRATING 25th ANNIVERSARY

SINCE 2000

scan me

Wish You Happy Diwali and New Year

## 1,40,000 કરતાં વધુ ફેમિલી ટૂર ના સફળ આયોજક

તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે.
બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા.... ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.

## ઓક્ટોબર

**સ્વિટ્ઝર્લૅન્ડ અને પેરિસ**
09 રાત્રિ - 10 દિવસ
22 ઓક્ટોબર

**આઈસલેન્ડ**
09 રાત્રિ - 10 દિવસ
22 ઓક્ટોબર

**તુર્કી**
10 રાત્રિ - 11 દિવસ
21 ઓક્ટોબર

**અમેરિકા**
12 રાત્રિ - 13 દિવસ
22 ઓક્ટોબર

**સાઉથ આફ્રિકા**
11 રાત્રિ - 12 દિવસ
20, 22, 23 , 31 ઓક્ટોબર

**ન્યુઝીલેન્ડ**
12 રાત્રિ - 13 દિવસ
19, 20, 22 ઓક્ટોબર

**ઓસ્ટ્રેલિયા**
12 રાત્રિ - 13 દિવસ
19, 21, 22, 23 ઓક્ટોબર

**વિયેતનામ**
08 રાત્રિ - 09 દિવસ
21,23,24 ઓક્ટોબર

**શ્રીલંકા**
07 રાત્રી - 08 દિવસ
12, 22, 23 ઓક્ટોબર

**વિયેતનામ**
10 રાત્રિ - 11 દિવસ
23 ઓક્ટોબર

**અઝરબૈજાન**
07 રાત્રી - 08 દિવસ
20, 22, 23, 24, ઓક્ટોબર

**અઝરબૈજાન & જ્યોર્જિયા**
11 રાત્રિ - 12 દિવસ
22 ઓક્ટોબર

## ડિસેમ્બર - 2025 થી માર્ચ - 2026

**ઓસ્ટ્રેલિયા**
11 રાત્રિ - 12 દિવસ
07 ડિસેમ્બર, 20 જાન્યુઆરી
06 ફેબ્રુઆરી , 16 ફેબ્રુઆરી

**ન્યુઝીલેન્ડ**
11 રાત્રિ - 12 દિવસ
19 જાન્યુઆરી
15 ફેબ્રુઆરી - 06 માર્ચ

**ન્યુઝીલેન્ડ & ઓસ્ટ્રેલિયા**
17 રાત્રિ 18 દિવસ
21 જાન્યુઆરી
17 ફેબ્રુઆરી

**સાઉથ આફ્રિકા**
10 રાત્રિ - 11 દિવસ
12 ડિસેમ્બર - 18 જાન્યુઆરી
12 ફેબ્રુઆરી - 22 માર્ચ

**આઈસલેન્ડ**
09 રાત્રિ - 10 દિવસ
01 માર્ચ

**વિયેતનામ**
08 રાત્રિ - 09 દિવસ
08 જાન્યુઆરી - 15 જાન્યુઆરી
20 ફેબ્રુઆરી - 02 માર્ચ

**સ્કેન્ડીનેવ્યા**
12 રાત્રિ - 13 દિવસ
15 માર્ચ

## હેડ ઓફિસ

એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ,
સી.જી. રોડ અમદાવાદ–૩૮૦૦૦૯, ગુજરાત

**બ્રાંચ ઓફિસ** નિકોલ ( અમદાવાદ ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ
જામનગર - ગાંધીનગર - કલોલ

+91 99989 77746, +91 7574000353

www.bestvoyage.in








































પહેલા પાનાનું અનુસંધાન....

જેમાં Basketball, Dart Board, Air Cannon Shooting Game, American Football Target, Life Size Connect 4, Life Size Jenga, Bouncy Castle અને Reaction Time–Catch the Stick જેવી રમતો સામેલ હતી. નાનાં બાળકો માટે Soft Balls, Colouring, Stacking Blocks અને Face Painting જેવી પ્રવૃત્તિઓની વધારાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ તમામ રમતોમાં બાળકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા અને વાલીઓને પણ પોતાના બાળકોના આનંદને નિહાળવામાં અપાર આનંદ થયો હતો. Snack વ્યવસ્થા તરીકે Juice Boxes, Chips, Cookies અને Water ની સરળ પરંતુ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

સભાની શરૂઆતમાં સહુ બાળકોએ ભેગા મળી "બોલ્યા શ્રી હરિ રે..." ભજન સાથે મળી ને ગાયું હતું. કાર્યક્રમના થોડા દિવસો પહેલાં બાળકોને નવા વર્ષના સંકલ્પનો video બનાવવાનું હોમવર્ક આપવામાં આવ્યું હતું. દરેક બાળકે 20-30 સેકન્ડના video માં પોતાનો નવા વર્ષનો સંકલ્પ રજુ કર્યો હતો જેમ કે "રોજ પૂજા કરવી", "માતા-પિતાની સેવા કરવી", "અભ્યાસ નિયમિત કરવો" વગેરે. સહુ બાળકોના આવા video નું compilation કરી એક સુંદર video નું દર્શન સહુને projector screen પર કરવામાં આવ્યું હતું. સહુએ ખુબજ પ્રેરણાત્મક એવો આ video ખુબજ આનંદપૂર્વક નિહાળ્યો હતો. Video દ્વારા બાળકોની ભાવનાત્મક અને આધ્યાત્મિક પ્રગતિને પ્રોત્સાહન મળ્યું હતું જેનાથી સહુ વાલીઓ એ ખૂબ જ ગર્વની લાગણી અનુભવી હતી.

કાર્યક્રમના અંતે ભારતથી પૂ. સુહૃદસ્વામીજી એ બાળકો માટે પ્રેરણાદાયી પ્રવચન કર્યું હતું ત્યારબાદ ગુરુહરિ પ.પૂ. પ્રબોધજીવનસ્વામીજીના આશીર્વાદ video નું શ્રવણ સહુ ભક્તોએ કર્યું હતું જેમાં એમણે નિત્ય પૂજા, માતા-પિતાની સેવા, અભ્યાસમાં શ્રેષ્ઠતા, શિસ્ત અને ભગવાન સાથેના સંબંધ વિષેની વાત બાળકો ને સ્પર્શે અને સમજાય એવી રીતે કરી હતી. બાળકો અને વાલીઓ બંને એ વાણીથી પ્રેરિત થયા અને આત્મિક આનંદ અનુભવ્યો.

ત્યારબાદ દરેક કુટુંબે ઘરે બનાવી લાવેલા કુલ 100 જેટલી થાળની વાનગીઓ, 6 થાળી સ્વીટ્સ, પોપકોર્ન, chocolates તથા Lions થીમ પર આધારિત Food Decorations ને એકત્ર કરી સુંદર અન્નકૂટની ગોઠવણ ઠાકોરજી સમક્ષ કરવામાં આવી હતી. બાળકો દ્વારા ખાસ "મારે ઘેર આવજો છોગલાં ધારી... – Kids Version" થાળ પણ ગવાયો. અંતે હાજર તમામ બાળકો દ્વારા Electric Candles વડે આરતી કરવામાં આવી હતી, જે અતિ દિવ્ય, ક્ષણ બની રહી હતી. થાળ બાદ સહુ ભક્તો માટે પ્રસાદનું (પનીર સબ્જી, નાન, દાલ ફ્રાય, જીરા રાઈસ) આયોજન કરવામાં આવ્યું હતું તેમજ ઠાકોરજીને ધરવામાં આવેલી વિવિધ વાનગી પણ સહુ ભક્તોને પ્રસાદરૂપે પીરસવામાં આવી હતી. પ્રસાદ બાદ સહુ ભક્તોએ પોતાના ઘરમંદિર તરફ પ્રસન્નચિત્તે પ્રયાણ કર્યું.

હરિપ્રબોધમ પરિવારની સહુ પ્રથમ "Kids Annakoot" ની આ પહેલ બાળકોના હૃદયમાં ભક્તિ અને સંસ્કારોનું બીજ રોપી, તેમને જીવનમાં સાચા મૂલ્યો સાથે પ્રગતિ કરવાની પ્રેરણા આપી હતી.

**(મંદિરમાં દર રવિવારે 5.00 વાગે સહુ ભક્તો માટે સભા અને પ્રસાદનું આયોજન હોય છે, જેમાં આપ સહુને હાર્દિક આમંત્રણ છે)**

# કેનેડામાં વસતા ગુજરાતી પરિવારે પોતાના ઘરમાં ભવ્ય અન્નકૂટ મહોત્સવનું આયોજન કર્યું





કેનેડા, કેલેડોન: કેનેડામાં વસતા શ્રી દેવેન્દ્રભાઈ પાઠ અને પ્રવિણાબેન તેમના સંતાન સાથે – સુપુત્ર હિરક પાઠ અને નાના પુત્ર મલ્હાર પાઠ – દર વર્ષે પોતાના ઘરમાં ભવ્ય અન્નકૂટ મહોત્સવનું આયોજન કરી સંસ્કૃતિ અને ભક્તિનું અનોખું દ્રશ્ય રજૂ કરે છે.

આ પરિવાર અમદાવાદથી શરૂ કરીને લગભગ 25 વર્ષથી અખંડ ભક્તિ અને લાગણી સાથે આ પવિત્ર પરંપરાને આગળ લઈ રહ્યો છે. તેઓ પોતાના ઘરમાં સ્વહસ્તે, શ્રદ્ધા અને ભાવના સાથે, અન્નકૂટ માટે તમામ સામગ્રીનું આયોજન કરે છે. પ્રત્યેક વસ્તુનો સજાવટ, પ્રસ્તુતિ અને ભોજન એ અનુભવકર્તાઓ માટે એક સાંસ્કૃતિક ઉત્સવની અનમોલ ઝાંખી બની રહે છે. આ અન્નકૂટ માત્ર ભોજનની વ્યવસ્થા નથી, પરંતુ આ ગુજરાતી સંસ્કૃતિ, પરિવારના એકતાભાવ અને સમાજ સેવાનું પ્રતિબિંબ છે. નાના-મોટા તમામ સભ્યોએ ભક્તિભાવ અને પ્રેમથી આ પવિત્ર મહોત્સવ તૈયાર કરવો, વસ્ત્ર, વાનગીઓ અને સેવાઓ સાથે પ્રસ્તુત કરવો એ દ્રશ્ય વાચક-પ્રેક્ષકોને હૃદયસ્પર્શી અનુભૂતિ કરાવે છે.

આ મહોત્સવ દ્વારા નાનાં બાળકો સુધીને પણ ભારતીય પરંપરા, સંસ્કૃતિ અને ભાવનાઓની સમજ મળે છે, અને વિદેશમાં હોવા છતાં પોતાના મૂળ, સંસ્કાર અને ધર્મને જીવંત રાખવાનો આ પ્રયાસ ગૌરવપૂર્ણ છે.

શ્રી દેવેન્દ્રભાઈ પાઠ પરિવારનો આ અનોખો પ્રયોગ અને નિષ્ઠાભર્યો પ્રયાસ કેનેડાની ગુજરાતી કોમ્યુનિટીમાં એક પ્રેરણાદાયી ઉદાહરણ તરીકે જાણવામાં આવે છે.

આ મહોત્સવ દર્શાવે છે કે, અંતરરાષ્ટ્રીય સ્તરે હોવા છતાં, પોતાના સંસ્કાર, ભાવના અને પરંપરાઓને કાયમ જાળવવી અને સમાન ભાવના સાથે આગળ વધવી શક્ય છે.

## આ છે ભક્તિ માર્ગ,,,

સંકલન વૈષ્ણવ શ્રી ભદ્રેશભાઈ શાહ
ગોધરા ગુજરાત



ઘણાને સંખ્યાબળમાં તાકાત લાગે છે, ઘણાને રૂપિયામાં તાકાત લાગે છે. પણ તાકાત સંખ્યાબળ કે રૂપિયામાં નથી હોતી. તાકાત ભગવાનની શરણાગતિમાં હોય છે. જેના પર ભગવાનની કૃપા હોય વિજય તેનો જ થાય.

ભક્તના હૃદયમાં મનોરથ ત્યારે જ થાય છે, જ્યારે ભગવાન એને પૂર્ણ કરવા માટે પૂર્વ તૈયારી કરે છે. ભક્ત સાધન કરે એના પહેલા ભગવાન ફલ તૈયાર રાખે છે. સાધન પહેલા ફલ - સિધ્ધી. આ ભક્તિમાર્ગની શ્રેષ્ઠતા છે. રસિક શિરોમણી શ્રીગોપીજનવલ્લભ ભક્તો માટે કહે છે "હું ભક્તોમાં છું અને ભક્તો મારામાં છે". આવી અભેદતા વિપ્રયોગાત્મક વિલાસમાં રહેલી છે. "પુષ્ટિમાર્ગ એટલે ભક્તોની સ્વતંત્રતા અને ભગવાનની ભક્તોમાં આધિનતા".

જીવનમાં, સંસારમાં આપણે રહીએ છીએ ત્યારે હંમેશા આપણા માટે ભગવાન પ્રશ્નાર્થ બની જાય છે પણ કથામાં ભગવાન જીવનનો પૂર્ણ વિરામ બની જાય છે. આવુ ભગવાન કરે, ભગવાન કેવા હશે, ભગવાન આવુ કેમ કરે છે ?.

ઉત્તમ અધિકારીઓને જ પુષ્ટિમાર્ગની અલૌકિક ફલાવસ્થાનો આહલાદ પ્રાપ્ત થાય છે. આવો અધિકાર યધપી ભગવદનુગ્રહથી તથા મહાપ્રભુજીની કૃપા-કરૂણાથી જ પ્રાપ્ત થાય છે જેને અપેક્ષા છે તેને વ્યવહાર કરવો જ પડશે.વ્યવહાર છોડવો નહીં, વ્યવહાર વિવેકથી કરવો, વ્યવહાર ભગવાનને સાથે રાખીને કરવો.વ્યવહાર ભક્તિમય બનાવે છે.

સત્સંગ એટલે આપણે રોજ કેટલાય લોકોને મળતા હોઈએ છીએ પણ ભગવદીયોને ભેગા થવાનો આનંદ કઈ જુદો હોય છે.

सत्संग की सबसे बड़ी सीख है खुद को सुधारना। स्वयं सुधार, अपने आपकी कमियों को दूर करना। सत्संग की शिक्षा सीख यही है कि हम एक नेक इंसान बन जाएँ। कुछ भी बनो मुबारक है पर पहले इंसान बनो। सत्संग की सीख का असर तब मालुम पड़ता है जब हम व्यवहार में जीवन जीते हैं।

हमारा कर्म हमारा चरित्र हमारा आचरण हमारा व्यवहार चाल चलन बोली भाषा बताती है कि सत्संग की कितनी सीख हमारे जीवन में आई है।

सत्संग में दो घंटा बैठना और बाद में सत्संग की बातों को जीना ही असली सत्संग है। सत्संग की सीख हमारे संस्कार हैं। हमारे संस्कार बयान करते हैं हमने सत्संग से क्या सीखा।

બોલ આચાર્ય શ્રીમહાપ્રભુજી કી જય.

જય શ્રી કૃષ્ણ

# 35+ years of Experience in Insurance Industry

★★★★★

Secure Your Tomorrow by Choosing Smart Insurance Options with Rajendra



RAJENDRA PARMAR
FINANCIAL ASSOCIATE

## Key Offerings

- Life Insurance
- Super Visa Insurance
- Visitor Visa Insurance
- Critical illness Insurance
- Disability Insurance
- Dental & Health Insurance
- Group Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Segregated Funds & Investment
- Wills & Retirement Planning
- Financial Literacy for Companies
- Mortgages & Budget Planning

FREE INSURANCE QUOTE

** અમે ગુજરાતી બોલીએ છીએ **

RAJENDRA PARMAR

Phone Number:
CANADA : 226-552-9547
INDIA OFFICE :+919879579547
Email :
rajugeeta67@gmail.com



# ઑન્ટારિયોએ તેના એક્સપ્રેસ એન્ટ્રી સ્કીલ્ડ ટ્રેડ્સ સ્ટ્રીમને સ્થગિત કર્યું



ઑન્ટારિયો ઇમિગ્રન્ટ નોમિની પ્રોગ્રામ (OINP) એ તેના એક્સપ્રેસ એન્ટ્રી સ્કીલ્ડ ટ્રેડ્સ સ્ટ્રીમને તાત્કાલિક અસરથી સ્થગિત કરી દીધું છે, જે વ્યવસ્થિત ખોટી રજૂઆતનો ઉલ્લેખ કરે છે.

સ્કિલ્ડ ટ્રેડ્સ સ્ટ્રીમ હેઠળના વર્તમાન અરજદારો હવે આ માર્ગ દ્વારા પ્રાંતીય નોમિનેશન માટે આગળ વધી શકશે નહીં.

પ્રાંત એક્સપ્રેસ એન્ટ્રી: સ્કીલ્ડ ટ્રેડ્સ સ્ટ્રીમમાં નવી અરજીઓ સ્વીકારવાનું બંધ કરશે અને પ્રોગ્રામ હેઠળની બધી બાકી અરજીઓ પરત કરશે.

પરત કરવામાં આવેલી બધી બાકી અરજીઓની અરજી ફી પરત કરવામાં આવશે.

OINP એ સૂચવ્યું નથી કે સ્ટ્રીમ પછીની તારીખે નવી અરજીઓ સ્વીકારવાનું ફરી શરૂ કરશે કે નહીં.

ઑન્ટારિયોએ એક્સપ્રેસ એન્ટ્રી સ્કીલ્ડ ટ્રેડ્સ સ્ટ્રીમને શા માટે સ્થગિત કર્યું?

સ્કિલ્ડ ટ્રેડ્સ સ્ટ્રીમને સ્થગિત કરવાનો અને બધી બાકી અરજીઓ પરત કરવાનો નિર્ણય પ્રોગ્રામ અખંડિતતા, પાલન અને શ્રમ બજારની ચિંતાઓના સંયોજનથી ઉદ્ભવ્યો છે.

સ્ટ્રીમની OINP ની આંતરિક સમીક્ષામાં સ્કિલ્ડ ટ્રેડ્સ સ્ટ્રીમના પાત્રતા માપદંડ સાથે જોડાયેલ "વ્યાપક ખોટી રજૂઆત અને/અથવા છેતરપિંડી" મળી.

તેથી પ્રાંતના ઇમિગ્રેશન સત્તાવાળાઓએ નક્કી કર્યું છે કે તેઓ વિશ્વસનીય રીતે મૂલ્યાંકન કરી શકતા નથી કે સ્કિલ્ડ ટ્રેડ્સ સ્ટ્રીમના અરજદારો ખરેખર સ્ટ્રીમના પાત્રતા માપદંડોને પૂર્ણ કરે છે કે નહીં. પરિણામે, ઑન્ટારિયોએ એ પણ તારણ કાઢ્યું છે કે સ્કિલ્ડ ટ્રેડ્સ સ્ટ્રીમની વર્તમાન ડિઝાઇન પ્રણાલીગત દુરુપયોગ માટે સંવેદનશીલ છે - એક સમસ્યા જે બદલામાં, ઑન્ટારિયોમાં મહત્વપૂર્ણ શ્રમ અવકાશ ભરવા માટે નવા આવનારાઓને નોમિનેટ કરવાની OINP ની ક્ષમતાને અસર કરે છે.

આ નવા વિકાસ એ ધ્યાનમાં રાખીને આવે છે કે OINP ને 2025 માટે તેના ઇમિગ્રન્ટ નોમિનેશન ફાળવણીમાં નોંધપાત્ર ઘટાડો મળ્યો છે, જે એક પરિબળ છે જેનો ઉલ્લેખ પ્રાંતીય ઇમિગ્રેશન સત્તાવાળાઓએ સ્કિલ્ડ ટ્રેડ્સ સ્ટ્રીમને સમાપ્ત કરવાના તેમના નિર્ણયમાં કર્યો હતો.

મર્યાદિત સંખ્યામાં ફાળવણી સ્થળો સાથે, ઘણા પ્રાંતીય નોમિની પ્રોગ્રામ્સ (OINP સહિત) તેમના નોમિનેશનમાં વધુ કરકસરભર્યા બન્યા છે, તેમને એવા નવા આવનારાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું પસંદ કર્યું છે જે શ્રમ બજારની જરૂરિયાતોને પૂર્ણ કરી શકે છે. આ આસપાસ સ્કિલ્ડ ટ્રેડ્સ સ્ટ્રીમના વર્તમાન માળખામાં હાજર સ્પષ્ટતાના પ્રણાલીગત અભાવને કારણે, OINP એ તેના મર્યાદિત નોમિનેશન ફાળવણીને વધુ સારી રીતે ફાળવવા માટે સ્ટ્રીમને સંપૂર્ણપણે બંધ કરવાનું પસંદ કર્યું છે.

**ANB Immigration Services**

Toronto - Canada
905 230 4737
info@anbimmigration.com




"Honest Deals. Real Results."
Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey
Jignesh Patel
REAL ESTATE BROKER
Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!
• Personalized Guidance for Buyer & Sellers
• More Than 5+ Years of Experience
• Transparent Service
• Check Reviews on Google & Instagram and Lets get Started!!
Let's Get Started
647-381-1492
realtor@jignesh.ca
5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca
HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated

# કેનેડાથી આવેલા ગુજરાતી ગ્રુપોનો ભારતભરના પવિત્ર સ્થાનોમાં ભવ્ય ધાર્મિક પ્રવાસ

## આઈ લવ ગુજરાત પરિવાર કેનેડા














## યુનાઈટેડ ગુજરાતી સિનિયર પરિવાર













કેનેડાથી ભારતના પ્રવાસે આવેલા યુનાઇટેડ ગુજરાતી સિનિયર પરિવાર તથા આઈ લવ ગુજરાત પરિવાર—બંને ગ્રુપોએ પોતાના સમૂહ સાથે સંસ્કારસભર અને આધ્યાત્મિક રંગે રંગાયેલા ધાર્મિક પ્રવાસોની સુંદર શરૂઆત કરી છે.

આઈ લવ ગુજરાત પરિવારના સભ્યો દસ દિવસના પવિત્ર યાત્રા માર્ગે શ્રી ચંપારણ તથા શ્રી જગન્નાથપુરીના દર્શન માટે નીકળ્યા છે. ભક્તિભર્યા ઉત્સાહ સાથે સભ્યો આ યાત્રાને જીવનની અદભુત યાદગાર ક્ષણો બનાવવા તત્પર છે.

બીજી તરફ યુનાઇટેડ ગુજરાતી સિનિયર પરિવાર વૈષ્ણવ પરંપરાના પવિત્ર સ્થળોના દર્શન માટે વિશેષ ધાર્મિક મિજાજમાં નીકળ્યો છે. તેમની આ યાત્રાનો આરંભ બાંધણી બેઠકજી ખાતે ગિરિરાજજીની આરતીથી થયો. ત્યારબાદ તેમણે ડાકોર ખાતે રણછોડરાયજીના દર્શન કર્યા તથા ત્યાંના પ્રસિદ્ધ ગોટા પ્રસાદનો આસ્વાદ લઈ ભક્તિભાવને વધુ ગાઢ બનાવ્યો.

આગળના પ્રવાસમાં તેઓએ અલીના બેઠકજી ખાતે રાજભોગ મનોરથનો લાભ લીધો. ત્યારબાદ ડાભા મહાપ્રભુજીની બેઠક ખાતે હરી રાયજીના દર્શન કરી વૈષ્ણવ પરંપરાનો સૌમ્ય સ્પર્શ અનુભવ્યો. ત્યારબાદ પાદરા બેઠકજીના દર્શન કરી, અંતમાં રણુ મુકામ ખાતે તુલજા ભવાની માતાના આશીર્વાદ મેળવ્યા અને આગળના નવા પ્રવાસ માટે ઉત્સાહપૂર્વક ચર્ચા સાથે યાત્રાનો પ્રથમ ચરણ પૂર્ણ કર્યો.

વિદેશમાં વસતા હોવા છતાં, આપણા કેનેડાના ગુજરાતી ગ્રુપો ભારતમાં આવીને પણ ભવ્ય ધાર્મિક પ્રવાસોની પરંપરા જાળવી રાખે છે—એ ગુજરાતી સંસ્કૃતિની ઊંડાણભરી ભક્તિ, જોડાણ અને સામૂહિક ભાવનાઓનું સુંદર પ્રતિબિંબ છે.

## Wide Range of Mortgage Options Available

- Residential
- Commercial
- Business Loan

- New To Canada
- High Networth
- Business For Self
- Medical Professionals
- First Time Home Buyers
- Airbnb Properties
- Self Employed
- Student Rental
- 1st & 2nd Mortgage
- Debt Consolidation
- Spousal Buyout
- Short Term Rental
- Mortgages for Clients with Bruised Credit, Previous Bankruptcies, or Consumer Proposals

Scan my Business Card

Download My Free Mortgage App



Dhavalkumar Patel
Mortgage Agent Level 2

Let's talk! Your FREE consultation awaits.

**Call Today: 647-893-1311**

@yourmortgagepoint

MORTGAGE ARCHITECTS
#12728
5675 Whittle Rd, Mississauga, ON, L4Z 3P8

🙏 Please Don't drink and drive — your loved ones are waiting for you. 🙏

# MURTI'S KITCHEN

## Sweets | Farsan | Snacks

- Dal-Bati
- Dakor na Gota
- Pavbhaji
- Vadapav
- Dabeli
- Papdi no lot
- Lilva Kachori

- Ladu(Gud/Sugar)
- Mohanthhal
- Magas
- Mysore Pak
- Penda
- Kopra pak

- Fulwadi
- Khaman(Vatidal )
- Khaman(Nylon )
- Sev Khamani
- Fafda
- Chole Bhature
- Patties

**Winter Special**

***METHI-PAK, ADADIYA-PAK, Khajur Pak (roll)***

And Many more.

Swaminarayan & Farar food Available

We do Catering

ફેશ ના ટેસ્ટી
Murti's Kitchen

CALL US FOR MORE DETAILS
647-389-7549

Family Events
Birthday Event
Office Event
Wedding

# આંતરરાષ્ટ્રીય ગુલામી નાબૂદી દિવસ (International Day for Abolition of Slavery)

લેખક - હસમુખ બી. પટેલ, 'હર્ષ'-'પરખ', અમદાવાદ-નારદીપુર

સમગ્ર વિશ્વમાંથી ગુલામીનો અંત લાવવા માટે પ્રત્યેક વર્ષે ૨ ડિસેમ્બરને આંતરરાષ્ટ્રીય ગુલામી નાબૂદી દિવસ (International Day for Abolition of Slavery) તરીકે ઊજવવામાં આવે છે. 2 ડિસેમ્બર 1949ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો, જે અંતર્ગત આંતરરાષ્ટ્રીય ગુલામી નાબૂદી દિવસ અપનાવવામાં આવ્યો. આમાં મુખ્ય ઉદ્દેશ્ય માનવ તસ્કરી અને વેશ્યાવૃત્તિને રોકવાનો હતો. વરસો પહેલાંની ગુલામી પ્રથા મજૂરી અને પારાવાર વેઠ પૂરતી મર્યાદિત હતી. પરંતુ સમયના બદલાવ સાથે આજે પણ વિશ્વના કોઈના કોઈ ખૂણે ગુલામીપ્રથા જુદા જુદા સ્વરૂપે છે. યુનાઈટેડ નેશન્સે દર વર્ષે 2 ડિસેમ્બરને આંતરરાષ્ટ્રીય ગુલામી નાબૂદી દિવસ તરીકે જાહેર કર્યો છે. યુનાઈટેડ નેશન્સ માનવ અધિકારો પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાના ભાગરૂપે ગુલામી સામેની લડાઈ પર ભાર મૂકે છે. અને કોઈપણ સ્વરૂપમાં ગુલામી એ ગંભીર ઉલ્લંઘન છે એની માન્યતા આપે છે. સૌથી દુઃખદ બાબત એ છે કે આધુનિક ગુલામીનો ભોગ બનેલા દર 4 લોકોમાંથી 1 બાળક છે.

આ દિવસ ઉજવવા પાછળનો ઉદ્દેશ ગુલામીના વર્તમાન સ્વરૂપોને ખતમ કરવાનો છે. વરસો પહેલાંની મજૂરી કરાવાતી ગુલામી કાળક્રમે જુદા જુદા પ્રકારની ગુલામીમાં સતત પરિવર્તિત થતી રહી છે. સમાજના જુદા જુદા સ્થળોએ વિવિધ રીતે શોષણ સતત ચાલુ રહેતું હોય છે. વિકાસ, આધુનિકતા અને આર્થિક રીતે વધારે પગભર ને વધારે સધ્ધર થયા બાદ ખરેખર તો દુઃખદ અને શોષિત રસ્તાઓ સતત ઘટવા જોઈએ. પરંતુ હકીકતમાં ઊલટું થઈ રહ્યું છે. આપણી આજુબાજુ આપણે જોઈ જ રહ્યા છીએ કે કેટકેટલા રસ્તે યેનકેન પ્રકારેણ ગુલામીની પ્રથા વધારે વિકસીત થઈને માનવતાને કારમો બટ્ટો લગાવી રહી છે. વર્તમાન સમયમાં થઈ રહેલી ગુલામી પ્રથાની નાનકડી સૂચિ:

- બાળમજૂરી
- બાળ તસ્કરી
- યૌન શોષણ
- નાસમજમાં બાળ લગ્ન
- બળજબરીથી લગ્ન
- હથિયારોની સ્પર્ધામાં બાળકોની દબાણપૂર્વક ભરતી કરવી
- માનવ તસ્કરી
- વેશ્યાવૃત્તિ
- ભીખ મંગાવવા અપહરણ / તસ્કરી
- કાયદાનો બાધ હોય છતાં નાની ઉંમરવાળા પાસે કામ લેવું / કરાવવું / મજૂરી કરાવવી
- આતંકવાદી પ્રવૃત્તિઓ માટે પુખ્ત ના હોવા છતાં પરાણે પૈસા થકી ભરતી કરવી

આ બધા જ આધુનિક યુગમાં ગુલામી પ્રથાના પ્રતિક છે.

જાતિભેદના કારણે જ સમાજમાં ગુલામી કોઈક ને કોઈક પ્રકારે આવતી રહી છે. સમગ્ર વિશ્વમાંથી તમામ પ્રકારનો જાતિવાદ ( કાળા-ગોરા, અમીર-ગરીબ, નીચી જ્ઞાતિ-ઊંચી જ્ઞાતિ, કનિષ્ઠ-ઉત્તમ, મધ્યમ-ઉત્તમ, અભણ-ભણેલા તથા વિવિધ ધર્મમાં માનતા અનુયાયીઓની ધાર્મિકતાથી ધર્માંધતા ) અસરકારક રીતે દૂર કરવાનો પ્રામાણિક પ્રયત્ન થાય તો ગુલામી મહદંશે નાબૂદ થઈ જાય.

છેલ્લા છ વર્ષની બધી વિષયવસ્તુ ( થીમ ) અને વિગતવાર છણાવટ:

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય ગુલામી નાબૂદી દિવસ (International Day for Abolition of Slavery) માટે સામાન્ય રીતે પ્રત્યેક વર્ષે એક વાર્ષિક વિષયવસ્તુ (થીમ) રજૂ કરવામાં આવે છે. આમ, આંતરરાષ્ટ્રીય ગુલામી નાબૂદી દિવસ (International Day for Abolition of Slavery) દર વર્ષે મોટા ભાગે કોઈને કોઈ થીમ પર ઉજવવામાં આવે છે. છેલ્લા છ વર્ષમાં જાહેર કરવામાં આવેલ તમામ વિષયવસ્તુ (થીમ)ની સૂચિ તથા તમામ વિષયવસ્તુની વિગતવાર છણાવટ :

2019 : સાંકળો તોડવી: SDGs ટકાઉ વિકાસ લક્ષ્યો દ્વારા ગુલામી નાબૂદી (Breaking the Chains: Eradicating Slavery through SDGs - Sustainable Development Goals) આ થીમ દ્વારા આધુનિક ગુલામી સામે લડવા માટે ટકાઉ વિકાસ લક્ષ્યોનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ગુલામીના સમકાલીન સ્વરૂપો વિશે જાગૃતિ લાવવાનો અને સંયુક્ત રાષ્ટ્રના વિભિન્ન નિર્દેશ દ્વારા તમામ પ્રકારની ગુલામીને સમાપ્ત કરવા માટે મજબૂત વૈશ્વિક પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવેલ હતો. ટકાઉ વિકાસ લક્ષ્યાંકોને (SDGs) પ્રાપ્ત કરવાના પ્રયાસોને મજબૂત બનાવીને આધુનિક ગુલામીની સાંકળો તોડવાનો હેતુ નિર્ધારિત કરવામાં આવેલ હતો જેમાં તમામ પ્રકારના શોષણનો અંત અને માનવ તસ્કરીનો અંત શામેલ છે. ટકાઉ વિકાસ લક્ષ્યમાં દર્શાવેલ વૈશ્વિક ભાગીદારી અને ક્રિયાઓ દ્વારા આધુનિક ગુલામીનો સામનો કરવો એ આ વિષયવસ્તુનો મુખ્ય સિદ્ધાંત હતો.

2020 : ગુલામીના જાતિવાદના વારસાનો એકસાથે સામનો કરવો (Confronting Slavery's Legacy of Racism Together) આ થીમ ટ્રાન્સએટલાન્ટિક ગુલામ વેપાર, તેની કાયમી અસરો અને આધુનિક જાતિવાદ વચ્ચેના જોડાણ પર પ્રકાશ પાડે છે તથા આ મુદ્દાઓને સંબોધવા અને વધુ ન્યાયી વિશ્વ બનાવવા માટે સામૂહિક પગલાં લેવાની હાકલ કરે છે. આ થીમમાં ભાર મૂકવામાં આવ્યો હતો કે ગુલામીનો વારસો, ખાસ કરીને ટ્રાન્સએટલાન્ટિક ગુલામ વેપાર, સમાજોને વિભાજીત કરવાનું ચાલુ રાખે છે અને માનવ અધિકારો અને ટકાઉ વિકાસ તરફની પ્રગતિને અવરોધે છે. ઈ.સ. 2020 એ પ્રણાલીગત જાતિવાદ સામે વૈશ્વિક વિરોધનું વર્ષ હતું, જેણે ગુલામી અને સંસ્થાનવાદમાં અન્યાયના ઐતિહાસિક મૂળ તરફ નવેસરથી ધ્યાન દોર્યું. આ થીમમાં સરકારો, નાગરિક સમાજ અને ખાનગી ક્ષેત્ર તરફથી ગુલામીના ઐતિહાસિક અને સમકાલીન સ્વરૂપો, જેમ કે બળજબરીથી મજૂરી, દેવાના બંધન અને માનવ તસ્કરીનો અંત લાવવા માટે મજબૂત સામૂહિક પ્રયાસો કરવાની હાકલ કરવામાં આવી હતી.

2021 : ગુલામીના જાતિવાદના વારસાનો અંત: ન્યાય માટે વૈશ્વિક આવશ્યકતા (Ending Slavery's Legacy of Racism: A Global Imperative for Justice) આ થીમ ગુલામીના વિવિધ પ્રકારોના વેપારે જાતિવાદ અને અન્યાયનો કાયમી વારસો કેવી રીતે બનાવ્યો છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેને સમાપ્ત કરવા માટે વૈશ્વિક પ્રયાસોની જરૂર છે. આ વિષયવસ્તુ દ્વારા ગુલામીના ઇતિહાસ અને ગુલામીના વિભિન્ન રિવાજોના કારણે લાંબા ગાળાની નકારાત્મક અસરો વિશે લોકોને શિક્ષિત કરવાના મહત્વ પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. આ થીમ ગુલામ વેપારના ઇતિહાસમાં રહેલા અન્યાયને સંબોધવા માટેની વૈશ્વિક ચળવળ ઉપર સીધેસીધો પ્રકાશ પાડતી હતી. આ વિષયવસ્તુના માધ્યમથી ગુલામી જેવા કમનસીબ રિવાજથી ઉદ્ભવતા લાંબા ગાળાના પ્રભાવોની સામૂહિક સમજણ અને આવા કમનસીબ રિવાજો સામે પગલાં લેવાની પ્રતિબદ્ધતા માટે હાકલ કરવામાં આવી હતી. આ થીમ ન્યાયની ભાવનાને પ્રોત્સાહન આપવા અને તેના આધુનિક પરિણામોને સંબોધવા માટે ટ્રાન્સએટલાન્ટિક ગુલામ વેપાર વિશે શિક્ષણને પ્રોત્સાહન આપે છે.

2022 : હિંમતની વાર્તાઓ: ગુલામીનો પ્રતિકાર અને જાતિવાદ સામે એકતા ( Stories of Courage: Resistance to Slavery and Unity against Racism) આ થીમનો ઉદ્દેશ ગુલામીનો પ્રતિકાર કરનારાઓની બહાદુરીને વિશ્વ સમક્ષ પ્રકાશિત કરવાનો અને જાતિવાદ સામેની લડાઈમાં એકતાના સાતત્ય પર ભાર મૂકવાનો હતો. આ થીમ દ્વારા ગુલામી કરનારા લોકો અને તેમના વંશજોના સંઘર્ષોનું સન્માન કરવાનો ઉમદા ઉદ્દેશ્ય હતો. આ વિષયવસ્તુ દ્વારા ગુલામીનો ઐતિહાસિક સંદર્ભ અને આધુનિક જાતિવાદ સાથે તેના જોડાણના અસ્તિત્વની નોંધ લેવામાં આવી હતી. વિષયવસ્તુનો મધ્યવર્તી વિચાર વધુ ન્યાયી અને સમાન ભવિષ્યના નિર્માણ તથા એના પર ચિંતનને પ્રોત્સાહન આપવાનો હતો.

2023: પરિવર્તનશીલ શિક્ષણ દ્વારા ગુલામીના જાતિવાદના વારસા સામે લડવું (Fighting slavery's legacy of racism through transformative education) આ થીમ ટ્રાન્સએટલાન્ટિક ગુલામ વેપારની હયાત પરિસ્થિતિ પર ભાર મૂકે છે અને જાતિવાદનો સામનો કરવા અને વધુ ન્યાયી અને સમાવિષ્ટ સમાજને પ્રોત્સાહન આપવા માટે શિક્ષણનો ઉપયોગ કરવાનો હેતુ ધરાવે છે. આ થીમ એ વાતનો નિર્દેશ કરે છે કે મુખ્યત્વે જાતિવાદ અને પૂર્વગ્રહના સ્વરૂપમાં ગુલામીની અસરો આજે પણ ચાલુ છે. ખાસ કરીને આફ્રિકન વંશના લોકો સાથે આ પ્રથા કમનસીબે આજે પણ અસ્તિત્વમાં છે. આ કમનસીબ પરંપરાને અટકાવવા માટે પરિવર્તનશીલ શિક્ષણ એ મહદંશે અસરકારક માર્ગ હોવાનું માનવામાં આવે છે. આ પ્રકારનું શિક્ષણ સામાજિક મુદ્દાઓ પર વિવેચનાત્મક દ્રષ્ટિકોણને પ્રોત્સાહન આપે છે, વ્યક્તિઓને યથાસ્થિતિને પડકારવા અને જાતિવાદ અને અન્યાયનો અંત લાવવા માટે કાર્ય કરવા માટે સશક્ત બનાવે છે. એકતા અને શિક્ષણ દ્વારા આવી કમનસીબ પ્રથાને સારા એવા પ્રમાણમાં અટકાવી શકાય છે.

2024: પરિવર્તનશીલ શિક્ષણ દ્વારા ગુલામીના જાતિવાદના વારસા સામે લડવું (Fighting slavery's legacy of racism through transformative education) આધુનિક સમાજ પર ગુલામીના વારસાની અસરનું સાતત્ય જે જાતિવાદને કાયમી બનાવવામાં આડકતરો ભાગ ભજવે છે એ મુદ્દો ઉજાગર કરવામાં આવે છે. ગુલામીના વારસાને તોડી પાડવા માટે ન્યાયને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક સ્વતંત્રતાને પ્રોત્સાહન આપવા માટે પરિવર્તનશીલ શિક્ષણનો મુખ્ય સાધન તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. ગુલામીની આડઅસરો અને સમગ્ર સમાજ માટે અવરોધ ઉત્પન્ન કરતી આ પ્રથાને નાબૂદ કરવા માટે આજના સમયમાં પરિવર્તનશીલ શિક્ષણની જરૂરિયાતને ઉજાગર કરવામાં આવી હતી.

2025: વર્તમાન વર્ષ ઈ.સ. 2025 માટે કોઈ એક ચોક્કસ પ્રકારની થીમ (વિષયવસ્તુ) હજુ સુધી જાહેર કરવામાં આવેલ નથી.

આવો, આપણે સૌ પણ કેનેડાના અગ્રગણ્ય ગુજરાતી અઠવાડિક 'ગરવી ગુજરાત' મારફતે તા. ૨ ડિસેમ્બરના રોજ ઊજવાનાર આંતરરાષ્ટ્રીય ગુલામી નાબૂદી દિવસ માટે એક જાગૃત સાહિત્યકાર / વાચક તરીકે નાનકડું યોગદાન આપીએ.

નિબંધો, કવિતા, ઇન્ટરવ્યુ અને ફીચર લેખો લખવા, મંતવ્યો શેર કરવા.

જાહેર કાર્યક્રમ કરી રાજકીય આગેવાનો

ન્યૂઝલેટર્સ, પત્રિકાઓ, ફ્લાયર્સ અને પોસ્ટર્સ જેવી પ્રકાશિત સામગ્રીનું વિતરણ કરવું.

વાર્તાલાપ અને સમીક્ષા સત્ર યોજવા.

આ વિષય ઉપરના સંશોધન તથા વિગત શક્ય તેટલી પ્રસારિત કરવી.

વક્તવ્ય રાખવા.

આ ચિંતનલેખનો શક્ય તેટલો બહોળો પ્રચાર/પ્રસાર કરી સૌને જાગૃત કરવા.

# કેનેડામાં આયોજિત સરગમ કરાઓકે ગ્રુપનો 11 મો મ્યુઝિકલ પ્રોગ્રામ વિકએન્ડમાં ખૂબ જ આનંદ ઉત્સાહપૂર્વક યોજાયો




કેનેડામાં આયોજિત ગ્રુપનો 11મો સરગમ મ્યુઝિકલ પ્રોગ્રામ વિકેન્ડમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક યોજાયો. આ ભવ્ય કાર્યક્રમ ગ્રુપના સભ્ય શ્રી સુનિલભાઈ પટેલ અને શ્રીમતી ક્રિષ્નાબેન પટેલ ના સહયોગથી તેમના ઘરમાં આયોજિત કરવામાં આવ્યો હતો.

પ્રોગ્રામમાં લગભગ 15 જેટલા પ્રતિભાશાળી સિંગરોએ પોતાં ગાન અને સંગીત કૌશલ્યોની સુંદર રજૂઆત કરી, મનોરંજનનો અનોખો અનુભવ ભક્તિભાવ અને રોમાંચકતા સાથે વિધાયકોને આપ્યો. દરેક ગીતને સૌએ ધ્યાને સાંભળ્યું અને સામાજિક એકતા અને સંગીતપ્રેમની અનુભૂતિ મેળવી.

આ સુંદર પ્રસંગની વિડીયોગ્રાફીની જવાબદારી શ્રી પ્રવીણભાઈ બારોટ એ નિષ્ઠાપૂર્વક સંભાળી હતી, જ્યારે પ્રોગ્રામનું સંચાલન એડમીન શ્રી અમિતભાઈ ભટ્ટ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું.

બપોરે 1:00 વાગ્યાથી શરૂ થયેલો પ્રોગ્રામ સાંજે 6:00 વાગ્યા સુધી ગીતો, રાગભરના સંધ્યા સંગીત અને રોમાંચક ડાન્સ કાર્યક્રમ સાથે ચાલ્યો. કાર્યક્રમ અંતે સૌ સભ્યો અને મહેમાનો સાથે અલ્પાહારનો આનંદ માણીને સંતુષ્ટ અને ઉત્સાહભર્યા મનોભાવ સાથે ઘરો પર ફરે.

આ પ્રસંગ દ્વારા કેનેડામાં વસતા ગુજરાતી સમુદાયના સભ્યોમાં સંગીતપ્રેમ, સંસ્કૃતિની ઝાંખી અને કોમ્યુનિટી એકતાનો પરિચય મળી એક યાદગાર કાર્યક્રમ સર્જાયો. ગ્રુપના સભ્યો અને આયોજકોનો આ કાર્યક્રમ માટે આપેલો નિષ્ઠાભર્યો સહયોગ, યુવાનોને પણ પ્રેરણા આપે છે કે આવનારા સમયમાં આવા સાંસ્કૃતિક કાર્યક્રમો વધુ સફળ બનાવવાના પ્રયાસો ચાલુ રહે.



# સફળતાની ચાવી આત્મવિશ્વાસ (Self Confidence)

ઘનશ્યામ પટેલ (ખુશ) કેલગરી.

તમારી જાત પર વિશ્વાસ રાખો. તમે જે ઈચ્છો તે હાંસલ કરી શકશો. પદ્મશ્રી એવોર્ડ મેળવનાર ડો. શ્રી જગદીશ ત્રિવેદી તેનું જ્વલંત ઉદાહરણ છે .ગિજુભાઈ શુક્લ કુમાર વિદ્યાલયમાં અભ્યાસ કરતી વખતે તેઓ ખૂબ તોફાની વિદ્યાર્થી ગણાતા. શ્રી જગદીશભાઈ ત્રિવેદીને છાત્રાલયમાંથી દૂર કરવામાં આવ્યા. એમની શાળાના શિક્ષકોએ તેમના તોફાનના કારણે ધોરણ 11 માં નાપાસ કર્યા અને ધોરણ 12 માં તેમણે ખોટો પ્રવાહ (વિજ્ઞાન પ્રવાહ) પસંદ કરતા સ્વયં નાપાસ થયા. શિક્ષકો મા - બાપ, આચાર્ય અને ગૃહપતિને દુઃખી કર્યાનું દુઃખ થતા તેઓ ભોગાવો નદીના કિનારે મોડીરાત સુધી બેસી ખૂબ રડ્યા અને સામે જ નદી હોવા છતાં આત્મહત્યા ન કરતા, પૂરા આત્મવિશ્વાસ સાથે દ્રઢ સંકલ્પ કર્યો કે હું બે વાર નાપાસ થયો છું. ભવિષ્યમાં બે વખત પીએચડી ડિગ્રી મેળવીને જ રહીશ. તેમણે તેમના આત્મવિશ્વાસથી બે નહીં પણ ત્રણ પીએચડીની ડીગ્રી મેળવી. શાળાની બોડીંગ અને શાળાએ આ બાબતે તેમજ પદ્મશ્રી એવોર્ડ મળતા ગૌરવ અનુભવ્યું. તેમનો પ્રથમ હાસ્યનો પ્રોગ્રામ મુંબઈમાં ફ્લોપ થયેલો તેમ છતાં તેમણે હાર ન માની. પ્રબળ આત્મવિશ્વાસથી જગવિખ્યાત હાસ્ય કલાકાર બન્યા, દેશ વિદેશમાં ઘણા બધા હાસ્યના કાર્યક્રમ કર્યા અને નામના મેળવી.

મહાન વૈજ્ઞાનિક એડિસનને પણ શાળામાંથી ચિઠ્ઠી લખી ઘરે મોકલ્યા. તેમની માતા એ ચિઠ્ઠી વાંચી .તેઓને ભણાવવાની ના પાડી હતી. માતા પાસે જબરજસ્ત આત્મવિશ્વાસ હતો. તેમણે એડિસનને શિક્ષણ આપ્યું. ખૂબ નાનીવયે રસાયણ ની લેબોરેટરી ઊભી કરી .એડિસને પણ નિષ્ફળતા મળતા નિરાશ થયા વિના પ્રબળ આત્મવિશ્વાસ રાખી વીજળીના બલ્બની તેમજ અન્ય ૧૦૦ જેટલી શોધ કરી. આત્મવિશ્વાસ હોય તો શું નથી કરી શકાતું ?

ભારતના અરુણિમા સિંહાએ કુત્રિમપગ સાથે એવરેસ્ટ શિખર સર કર્યું અને વિશ્વની પ્રથમ મહિલા પર્વતારોહક બની. ભારતના સ્વિમિંગ ચેમ્પિયન ભરતકુમારને જન્મથી જ જમણો હાથ ન હતો છતાં પણ પૂર્ણ આત્મવિશ્વાસથી તરણસ્પર્ધામાં ભાગ લઈ એક રજતચંદ્રક, એક ગોલ્ડ મેડલ અને બીજા 40 જેટલા મેડલ રાષ્ટ્રીયકક્ષાએ મેળવ્યા. આમ આત્મવિશ્વાસ એ જીવનનો શ્રેષ્ઠ પથદર્શક છે. પોતાના પર વિશ્વાસ રાખવો. આત્મવિશ્વાસ એ સફળતાનું પ્રથમ પગથિયું છે. આત્મવિશ્વાસ એ તમારી અંદર રહેલી શક્તિ અને સામર્થ્યનું પરિચય છે. તમારી જાત પર વિશ્વાસ રાખો, તમે જે ઈચ્છો છો તે હાંસલ કરી શકશો. આત્મવિશ્વાસ એક દ્રષ્ટિ છે એ તમારું જીવન બદલી શકે છે. આત્મવિશ્વાસ હશે તો ચોક્કસ તમને સફળતા મળશે.

# જય મહારાજ ગૃપ દ્વારા દિવાળી પર્વની શાનદાર ઉજવણી





ભારતીય સંસ્કૃતિમાં વિવિધ તહેવારનું ખાસ મહત્વ છે .નડિયાદ જેમનું વતન છે તેવા જય મહારાજ ગૃપ દ્વારા દિવાળી પર્વની ભવ્ય ઉજવણી નું સરસ આયોજન થયું. શરૂઆતમાં સૌ સભ્યોને હાર્દિક આવકાર આપ્યો. સંતરામ ધૂન અને રાષ્ટ્રગીત નું મધુર સ્વરમાં ગાન થયું. મહારાજશ્રીનું પ્રવચન સાંભળવાનો દરેકને લાભ મળ્યો . વિવિધ રમતો અને પર્ફોર્મન્સ નું આયોજન થયું. નાના મોટા સૌએ તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.સ્વરૂચી ભોજન પછી ગરબા અને ડાન્સની મજા માણી .૧૦૦ થી વધુ લોકોએ ભાગ લીધો અને એકબીજાને મળી દિવાળી અને નૂતન વર્ષની દરેકે શુભેચ્છાઓની આપલે કરી. દિવાળી તહેવારની શાનદાર ઉજવણીમાં જય મહારાજ ગૃપના સભ્યોએ ખૂબ જહેમત ઉઠાવી હતી.



Wish you Happy Diwali and New Year




HOMELIFE
HIGHER STANDARDS

HOMELIFE/MIRACLE REALTY LTD.

Brokerage, Independently Owned & Operated

SANJU PATEL
Broker

DIRECT 647-721-0491
OFFICE 905-454-4000
FAX 905-463-0811

REALTOR
MLS MULTIPLE LISTING SERVICE

Email realtorsanju@gmail.com
Web www.shivbijhomes.com



# Airdrie ગુજરાતી સમાજે દિવાળી તહેવારની ઉજવણી કરી











Airdrie ગુજરાતી સમાજે INCA Hall કેલગરી ખાતે દિવાળી તહેવારની અનોખી ઉજવણી કરી. શરૂઆતમાં પ્રમુખશ્રીએ દરેકને હૃદય ના ઉમળકાથી આવકાર્યા. પ્રોગ્રામ સાંજે 6:00 વાગે શરૂ થયો. રાષ્ટ્રગીતનું સૂરીલા અવાજમાં ગાન થયું . પ્રાસંગિક સ્વૈચ્છિક સેવા આપતા સ્વયંસેવકોને તેમજ સ્પોન્સરરને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા. સભ્યોની વિવિધ ટેલેન્ટ વિકસે તે માટે તેમને તક આપવામાં આવી. તેઓનો નાવિન્યસભર અભિનય નિહાળી શ્રોતાઓ મંત્રમુગ્ધ થયા. સ્વાદિષ્ટ રાત્રી ભોજન લીધા પછી ગરબા અને ડાન્સનો સૌએ અનેરો આનંદ માણ્યો. Get to gether-ing થયું. સૌએ નિજાનંદ ની મસ્તી માં આનંદ મેળવ્યો .

- ધનશ્યામ પટેલ (ખુશ) કેલગરી , કેનેડા.

# તપાસો અને પછી જ તમારી પોસ્ટ શેર કરો (Stop, Check, and Then Share)




લેખક પરેશભાઈ શાહ શિક્ષણવિદ, (આચાર્યશ્રી) વડોદરા

સોશિયલ મીડિયા પર માહિતી ફેલાવવાની ગતિ ખૂબ વધારે હોય છે. જાગૃતિ ફેલાવવા માટે આ મંત્રને મુખ્ય અભિયાન બનાવી શકાય.

"પહેલા સત્ય, પછી વાયરલ": કોઈ પણ સમાચાર ને ચકાસી પછી મૂકો...

સમાચાર કયા પ્લેટફોર્મ પરથી આવી રહ્યા છે, તે વ્યક્તિ/સંસ્થા કેટલી વિશ્વસનીય છે, અને શું તે કોઈ જાણીતી "ફેક ન્યૂઝ" સાઇટ તો નથી, તેની તપાસ કરવી ખૂબ જરૂરી છે....

કોઈના મૃત્યુ કે વ્યક્તિગત હુમલાના સમાચારની મજાક બનાવતા પહેલાં તેની નૈતિક અને કાયદાકીય અસરો વિશે વિચાર કરવો ખૂબ જરૂરી છે..

ડિજિટલ એથિક્સ (નૈતિકતા) અને જવાબદારી

વપરાશકર્તાઓને શીખવવું કે સોશિયલ મીડિયા પરની સ્વતંત્રતાની સાથે જવાબદારી પણ આવે છે.

વ્યંગ્ય vs. બદનક્ષી (Sarcasm vs. Defamation): મજાક અને વ્યંગ્યની સીમા ક્યાં પૂરી થાય છે અને બદનક્ષી કે સાયબર ગુંડાગીરી ક્યાંથી શરૂ થાય છે, તે સમજાવવું. કોઈ ના પણ મૃત્યુના ખોટા સમાચાર ફેલાવવા, તે એક પ્રકારની સાયબર હુમલો જ ગણી શકાય.

ઓનલાઈન વાતચીતમાં પણ માનવતા અને સહાનુભૂતિ (Empathy) જાળવી રાખવી. સ્ક્રીનની પાછળ પણ એક વાસ્તવિક જીવન હોય છે તે યાદ રાખવું.

ફેક ન્યૂઝની સાયકલ તોડવી

લોકોને જાગૃત કરવા કે સોશિયલ મીડિયાની ભૂલ સામે વળતો પ્રહાર કરવા માટે આપણે પણ ખોટા સમાચાર ન ફેલાવવા જોઈએ.

જવાબ રચનાત્મક હોવો જોઈએ: ભૂલભરેલા મીડિયા રિપોર્ટનો જવાબ મજાકમાં ફેક ન્યૂઝ ફેલાવવાને બદલે, સત્ય-તપાસ કરતી સંસ્થાઓ (Fact-Checkers) ને ટેગ કરીને, સાચા સમાચાર શેર કરીને, કે શાંતિપૂર્ણ વિરોધ નોંધાવીને આપી શકાય.

આપણે સમજાવવું કે જ્યારે તેઓ ખોટા સમાચારને પણ 'મજાક' તરીકે શેર કરે છે, ત્યારે સોશિયલ મીડિયાના અલ્ગોરિધમ્સ તેને એક મહત્ત્વપૂર્ણ વિષય તરીકે ગણે છે અને તેને વધુ લોકો સુધી પહોંચાડે છે, જેનાથી ફેક ન્યૂઝને જ પ્રોત્સાહન મળે છે.

જાગૃતિ અભિયાન માટે સૂત્ર (Slogans for Awareness:

* "ટ્વીટ કરતા પહેલાં વિચારો – શું આ સત્ય છે કે માત્ર ગુસ્સો?"

* "ફેક ન્યૂઝનો વળતો જવાબ ફેક ન્યૂઝ નથી, સત્ય છે."

* "તમારી સ્ક્રીન, તમારી જવાબદારી છે.... ચકાસો તપાસી અને પછી જ વાયરલ કરો."

EDM Elite Digital Marketing LETS BE POPULAR

ELITE
PRINT & DIGITAL MARKETING

Lowest Price

- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting

facebook Link
Chat
Let's Start!

Parth Patel
647 655 5029

Let's Be popular

Find on Google


Abhay Joshi
(Mortgage Agent Level 2)
AFFINITY MORTGAGE SOLUTIONS INC
DOMINION LENDING CENTRES
Looking for Mortgage Services?
1st & 2nd mortgage
Home equity loans
Residential mortgage
Commercial mortgage
Refinancing
and many more
Mortgage Application
CONTACT US
CELL : (647) 409-5848
Lic #M22003707

# ફૂલેલું પેટ અને એક્સ્ટ્રા ચરબી દૂર કરવા માટેના આયુર્વેદિક ઉપાય

સંકલન દીના બેન ગોપાણી કેનેડા



## 1 જમતી વખતે પાણી :

ભોજન કરતી વખતે પાણી ન પીવું. તેનાથી ખોરાક બરાબર પચતો નથી અને ફેટ વધવા લાગે છે. જેથી ભોજન કર્યાના 30-40 મિનિટ બાદ જ પાણી પીવું.

## 2 લીલાં શાકભાજી :

ડાયટમાં પાલક, મેથી અને કોબીજ જેવા લીલાં શાકભાજી સામેલ કરો. તેમાં ફાયબર ભરપૂર હોય છે. જેનાથી પેટ પર ફેટ વધતું નથી.

## 3 કલોંજી :

એક ગ્લાસ પાણીમાં કલોંજીના તેલના થોડા ટીપાં અને 1 ચમચી મધ મિક્સ કરીને પીવો. આવું દિવસમાં બેવાર કરવાથી પેટની ચરબી ઓછી થાય છે.

## 4 દહીં :

રોજ 1 વાટકી દહીં ખાઓ. આમાં રહેલું કેલ્શિયમ ટમી ફેટ વધારતાં કોર્ટિસોલ હોર્મોનનું લેવલ કંટ્રોલ કરી પેટ ઓછું કરવામાં મદદ કરે છે.

## 5 બદામ :

રોજ 4-5 બદામ ખાઓ. આમાં રહેલાં વિટામિન ઈ, પોલીસેચુરેટેડ અને મોનોસેચુરેટેડ ફેટ્સ ભૂખને કંટ્રોલ કરે છે. તેનાથી પેટની ચરબી ઓછી કરવામાં મદદ મળે છે.

## 6 અળસી :

અળસીમાં ભરપૂર ઓમેગા-3 ફેટી એસિડ અને આયર્ન હોય છે. રોજ એક ચમચી અળસી ખાવાથી પેટની ચરબી વધતી નથી.

## 7 ચણા અને જવ :

ઘઉંની રોટલી ઓછી ખાઓ. તેની જગ્યાએ ચણા અને જવના લોટની રોટલી ખાઓ. આમાં કેલરી અને કાર્બોહાઈડ્રેટ્સ ઓછી માત્રામાં હોય છે.

# કર્કલગ્ન એટલે 4 નંબરનું લગ્ન એટલે કે જન્મ કુંડલીમાં પ્રથમ ભાવમાં 4 નંબર અંક હોય છે

જ્યોતિષ-આચાર્ય શ્રી સુરેશભાઇ ગાંધી-કેનેડા






કર્કલગ્ન એટલે 4 નંબરનું લગ્ન એટલે કે જન્મ કુંડલીમાં પ્રથમ ભાવમાં 4 નંબર અંક હોય છે. એમાં જન્મેલા દરેક સ્ત્રી-પુરુષ કર્કલગ્નમાં જન્મેલા જાતકો કહેવાય છે.

કર્કલગ્નની વાત આવી તો સર્વેને કહી દઉં છું કે ભગવાન રામચંદ્રની જન્મ કુંડલી કર્કલગ્નની હતી. જેથી એવું માનવું છે કે પતિ પત્નીનું જીવનમાં સંગ્રહ હોય છે. કારણ કે સાતમાનો માલિક શનિ બને છે. અને લગ્નનો માલિક ચંદ્ર બને છે. માટે બંન્ને ગ્રહોનું મીલન થોડું સંગ્રહ વાળું છે. હવે કર્ક લગ્નમાં જન્મેલા જાતકો સ્વભાવ તેહાકૃતિ છટાદાર, દેખાવડા, અભિનયકલા, સંપન્ન, વિદ્યાસંગી, લલિતકળામાં, રૂચિવાળા, અને વિલાસ પ્રિય હોય છે. તેઓ ચર સંગ્નાવાળી, સૌમ્ય આ કર્ષક વિપ્રવર્ત અને જલતત્વની રાશિમાં આવે છે.

કર્ક લગ્નવાળા જાતકો માટે ગુરૂ, મંગળ, શુભ છે. સૂર્ય, ચંદ્ર, શનિ તટસ્થ છે. જ્યારે બુધ અને શુક્ર અશુભ ફળ આપનાર બને છે. જળ સંપત્તિ, પ્રવાહી પદાર્થોનો વ્યાપાર કરનારા વહાણવટિયાઓને નાવિક તથા જલપ્રદેશની નજીક કે સમુદ્ર કિનારે રહેવાના શોખીન હોય છે. તેઓ ભાગ્યોદય 16 વર્ષે પછી થાય



છે. એવું અભ્યાસમાં આવે છે.

કર્કલગ્નનો માલિક ચંદ્ર બને છે. એટલે દિલના ઉદાર હોય છે. જેથી મિત્ર કરતા શત્રુ વિશેષ હોય છે. અને ચર રાશિ કહેવાય છે. તેમના માટે 24, 25, 28 અને 32 મું વર્ષ ભાગ્યોદયમાં સારૂ ગણાય છે. જો જાતક 18 વર્ષથી ઉપર ઉમરના હોય તો ચંદ્ર રત્ન ધારણ કરી શકાય છે. ચંદ્રનો મંત્ર છે.

ઓમ સોહં સોમાય નમઃ

અને દર સોમવારે 108 વાર તેનો જાય કરી શકાય છે. જેથી જીવનમાં આવનાર સંગ્રહમાંથી સહેલાઇથી બહાર નીકળી શકાય છે.

આવતા અંકમાં સિંહ લગ્નની વાત કરીશું સિંહલગ્ન એટલે પાંચ નંબરનું લગ્ન છે.




JTP FINANCIAL
SERVICES

Financial Freedom Starts Here

# Mastering Your money

Building Your Wealth Starts With Making the Right Financial Choice

Why Choose Us?



JOYCE TSANG-PATEL
FINANCIAL STRATEGIST
FSRA (LICENSE NO. 24226879)

## Our Key Offerings

- Personal Financial Planning
- Life Insurance
- Disability Insurance
- Critical Illness Coverage
- Group/Business Insurance
- Health & Travel Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Tax-Free Savings Account (TFSA)
- Annuities
- Registered Retirement Income Fund (RRIF)
- Life Income Fund (LIF)
- Investment Strategies
- Wealth Management
- Retirement Planning

JOYCE TSANG-PATEL

Phone Number: 416-845-1323

Website: www.jtpfinancial.ca

# બ્રેમ્પટન સિટી હોલમાં હિન્દુ વારસાને પ્રેરણા આપતો ધ્વજવંદન સમારોહ યોજાયો








બ્રેમ્પટન, ઓન્ટારિયો – 16 નવેમ્બર, 2025. કેનેડાના બહુસાંસ્કૃતિક ગૌરવના શક્તિશાળી પ્રદર્શન રૂપે આજે બ્રેમ્પટન સિટી હોલ ખાતે હિંદુ હેરિટેજ મહિનાનો ધ્વજ ગૌરવભેર ફરકાવવામાં આવ્યો. આ પ્રસંગ હિંદુ-કેનેડિયનો દ્વારા રાષ્ટ્રના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસમાં આપેલા અનન્ય યોગદાનને સમર્પિત રહ્યો.

ફેડરલ સરકાર દ્વારા નવેમ્બર મહિને હિંદુ હેરિટેજ મહિના તરીકે સત્તાવાર માન્યતા આપ્યા બાદનું આ મહત્વનું કાર્યક્રમ હતું. 20મી સદીના પ્રારંભથી કેનેડામાં સ્થાયી થયેલા હિંદુઓએ વિજ્ઞાન, દવા, કાયદો, શિક્ષણ, રાજકારણ, વેપાર-ધંધો, ન્યાયતંત્ર, મીડિયા, રમતગમત અને કલા-સાહિત્ય સહિતના અનેક ક્ષેત્રોમાં છોડી ગયેલ અમીટ છાપને પણ અહીં શ્રદ્ધાંજલિ અપાઈ.

કાર્યક્રમ દરમિયાન બ્રેમ્પટનના મેયર પેટ્રિક બ્રાઉને અગત્યના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે હાજરી આપી. તેમના સાથે સિટી કાઉન્સિલર હરકીરત સિંહ, નવજીત બ્રાર, ડેનિસ કીનન, રોડ પાવર અને પોલ વિસેન્ટ; સંસદ સભ્યો અમરજીત ગિલ (બ્રેમ્પટન વેસ્ટ) અને અમનદીપ સોઢી (બ્રેમ્પટન સેન્ટર); તેમજ પ્રાંતીય સંસદ સભ્યો અમરજોત સંધુ (બ્રેમ્પટન વેસ્ટ) અને દીપક આનંદ (મિસિસાગા–માલ્ટન) ઉપસ્થિત રહ્યા.

મેયર પેટ્રિક બ્રાઉનએ જણાવ્યું:



"બ્રેમ્પટન દુનિયાના સૌથી વૈવિધ્યસભર શહેરોમાંનું એક છે અને અમારા હિંદુ સમુદાયના મૂલ્યો—મજબૂતી, કરુણા અને પ્રગતિશિલ વિચાર—આ શહેરની ઓળખના મર્મમાં વસેલા છે. આજે અમે માત્ર ઉજવણી નથી કરતા, પરંતુ કૃતજ્ઞતાના ભાવ સાથે આ ધ્વજ ફરકાવીએ છીએ."

સાઈ ધામ ફૂડ બેંકના સહ-સ્થાપક વિશાલ ખન્નો તેમની પ્રેરણાદાયી ભાષણમાં 'સેવા'—નિઃસ્વાર્થ સેવા—ના હિંદુ સિદ્ધાંતો અને દરેક જરૂરિયાતમંદ સુધી મદદ પહોંચાડવાની સમુદાયની અડગ પ્રતિબદ્ધતાને રેખાંકિત કરી.

આ પ્રસંગને હિંદુ સભા ગુરુકુલના વિદ્યાર્થીઓએ સંગીતમય ભક્તિ પ્રસ્તુતિઓથી વધારે ભવ્ય બનાવ્યો. તેમની પ્રતિભાશાળી રજૂઆતને ઉપસ્થિતોએ ઊભા રહી વધાવી.

કાર્યક્રમને બે ડઝનથી વધુ અગ્રણી સંસ્થાઓનો અપાર સમર્થન મળ્યો. તેમાં કેનેડિયન હિંદુ એસોસિએશન, વર્લ્ડ બ્રાહ્મણ



ફેડરેશન ઓફ કેનેડા, અખંડ ભારતી ક્લબ, હિંદુ સભા મંદિર, સાંઈ ધામ ફૂડ બેંક, વિશ્વ હિંદુ પરિષદ, હિંદુ સ્વયંસેવક સંઘ, કેનેડિયન હિંદુ ચેમ્બર ઓફ કોમર્સ, ગુજરાત પબ્લિક અફેર્સ કેનેડા, મહારાજા અગ્રસેન પરિવાર કેનેડા, ગૌરી શંકર મંદિર, સાઉથ એશિયન ટ્રકિંગ એસોસિએશન, કેર4કોઝ, MEFA કેનેડા, સાઉથ એશિયન્સ ઇન ઓન્ટારિયો, બ્રેમ્પટન ફર્સ્ટ ફાઉન્ડેશન, AZ કેનેડિયન ટ્રકર્સ એસોસિએશન, સરિતા કલ્ચરલ ફોરમ, ગુજરાતી ગ્રુપ ઓફ બ્રેમ્પટન સહિત અનેક સંસ્થાઓનો સમાવેશ થાય છે.

આ ભવ્ય સમારોહ હિંદુ હેરિટેજ સેલિબ્રેશન ફાઉન્ડેશન—એક રજિસ્ટર્ડ નોન-પ્રોફિટ સંસ્થા—દ્વારા આયોજિત હતો, જે કેનેડામાં બહુસાંસ્કૃતિકતા, એકતા, સમાનતા અને વિવિધતાના મૂલ્યોને પ્રોત્સાહિત કરે છે. ફાઉન્ડેશનના સભ્યો રાકેશ જોશી, મધુસુદન લામા, મનન ગુપ્તા, આનંદ ઐયર, પીયૂષ ગુપ્તા, સુભાષ ચંદ, પથિક શુક્લા, ડોન પટેલ, મધુ શારદા, અનિલ શર્મા, દવે કપિલ, વીરેન્દ્ર રાઠી અને નિક મેંગીએ બ્રેમ્પટન શહેર તથા સહયોગી સંસ્થાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.

સમુદાયના નેતા અને ફાઉન્ડેશનના સભ્ય મનન ગુપ્તા અનુસાર:

"આ ધ્વજવંદન ફક્ત પ્રતીક નથી—તે અમારી આગામી પેઢીને આપેલું વચન છે. કે તેઓનું વારસો મૂલ્યવાન છે, તેમનું યોગદાન માન્ય છે અને કેનેડામાં તેમનું ભવિષ્ય અપરિમિત સંભાવનાઓથી ભરેલું છે."

ગઈ સાંજે બ્રેમ્પટન ક્લોક ટાવર પણ સુંદર કેસરી પ્રકાશથી ઝળહળ્યો હતો, જે હિન્દુ હેરિટેજ મહિનાની ઉજવણીનું દ્રશ્યરૂપ પ્રતિક બનેલું.

હિંદુ હેરિટેજ મહિનાનો આ ધ્વજ કેનેડાની સાચી શક્તિ—વૈવિધ્ય—નું જીવંત સ્મારક બની રહે છે. હિંદુ સમુદાયની સેવા, એકતા અને શ્રેષ્ઠતાની પરંપરા રાષ્ટ્રના વિકાસ માર્ગને સતત પ્રકાશિત કરતી રહે છે.

મીડિયા સંપર્ક- મનન ગુપ્તા
Hindu Heritage Celebration Foundation
Email: hinduheritagebrampton@gmail.com
Phone: 416-451-0040

-30-

હિંદુ હેરિટેજ મહિના વિશે


2023માં ફેડરલ સ્તરે સત્તાવાર માન્યતા પ્રાપ્ત હિંદુ હેરિટેજ મહિનો, કેનેડાના દરિયાકાંઠેથી દરિયાકાંઠે વસતા 1 મિલિયનથી વધુ હિંદુ કેનેડિયનોના અવિસ્મરણીય યોગદાન અને તેમની સમૃદ્ધ પરંપરાઓની ઉજવણી કરે છે.

# ચક્રસંહિતા

## શરીર, મન અને આત્માના સંતુલનની જડીબુટ્ટી










**લેખકઃ- ડૉ.જિતેન્દ્ર પટવારી**
લેખાંક - 2
WhatsApp: +91 7984581614. jitpatwari@rediffmail.com
youtube.com/@DrJitendraPatwari_BennittoLife


### લેખક પરિચય

ગરવી ગુજરાતના વાચકમિત્રો માટે આનંદની વાત છે કે ૧૫-૧૧-૨૦૨૫થી આપણે શરૂ કરી છે એક અનોખી લેખમાળા: "ચક્રસંહિતા - શરીર, મન અને આત્માના સંતુલનની જડીબુટ્ટી" જેમાં જીવનના ઊંડા રહસ્યો આધુનિક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી સરળ અને રસપ્રદ રીતે રજુ થશે.

'ચક્ર હીલિંગ' વિષય પર PhD મેળવનાર વિશ્વના એકમાત્ર વિદ્વાન ડૉ. જિતેન્દ્ર પટવારી આ લેખમાળાના લેખક છે. 'ચક્રસંહિતા' તેમ જ ડૉ. પટવારી વિષે વિશેષ માહિતી આજના અંકમાં પેજ નંબર ... પર મુકેલ છે.

સર્વેને આ અમૂલ્ય લેખમાળાનો ભરપૂર લાભ ઉઠાવવા અનુરોધ છે.




Globally recognised Ph.D. awarded to Dr. Jitendra Patwari for his book 'ChakraSamhita'




ગયા સપ્તાહમાં ઑરાનો અર્થ, ઑરા ફોટોગ્રાફી, તેનો ઉપયોગ, ઑરા એટલે શરીરનું સુરક્ષા કવચ, ચક્રસંહિતા લેખમાળા દરમિયાન શું જાણીશું - વગેરે ચર્ચા થઈ. આગળ વધીએ.

શું દરેક વ્યક્તિનો ઑરા અલગ હોય?

જેમ દરેકની ફિંગરપ્રિન્ટ વિશિષ્ટ હોય તેમ દરેક વ્યક્તિનો ઑરા અલગ હોય. અહીં ડાબી તરફનો ફોટો વેનકુંવર - કૅનેડા રહેતી એક મિત્રનો છે, જમણી તરફની મિત્ર ભારતમાં રહે છે. બંનેનાં ચક્રોમાં તફાવત જોઈ શકાશે. રંગો અલગ છે; શરીરનાં અંગો પર તેમનું સ્થાન તેમ જ ઘટ્ટતા અલગ છે. બંનેનું આધ્યાત્મિક લેવલ સારું છે તે લીલા રંગથી ખ્યાલ આવે છે. ફોટોના આધારે આપેલ રિપોર્ટમાં ભાવનાત્મક અવરોધો, કાર્મિક દોષોની છાપ, હાલનાં કૌટુંબિક જીવન પર અસર, ઓછી ઊર્જા હોય તે અંગનું નામ, તેથી ઉદ્ભવતી શારીરિક તકલીફ, આત્મિક ઊર્જા, વ્યક્તિનો સ્વભાવ, ભવિષ્યમાં જીવનમાં આવનાર બદલાવ વગેરે વિશે વિગતવાર છણાવટ થઈ છે, ઉપાયો સૂચવેલ છે.

અતિ ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ હોય તો ઑરા એકદમ વિશિષ્ટ હોય. આશરે 20 વર્ષ હિમાલયની ગુફાઓમાં જેમણે ગાળેલાં છે, હાલમાં સમાજમાં ધ્યાનના પ્રસાર માટે પરત આવ્યા છે, તેવા એક પરમસિદ્ધ સંતનો જુલાઈ, 2016માં ઇંગ્લેન્ડમાં લેવાયેલ ઑરા ફોટો જોઈએ.

રિપોર્ટમાં લખ્યું છે: "આપના જીવનપથમાં મંત્રમુગ્ધતા અને ગહન આધ્યાત્મિક સમજ છે. જાંબલી રંગ અલૌકિકતા, મોજીલાપણું અને અતીન્દ્રિય દ્રષ્ટિ તથા સફેદ રંગ અતિ ઉચ્ચ આધ્યાત્મિક અને ઉપચારક (હીલિંગ) ઊર્જા દર્શાવે છે. ... એક રહસ્યમય ભીતરી પ્રકાશથી આપ પ્રકાશિત છો. આપ ન કેવળ અસાધારણ છો, આપ એક દેવદૂત સમાન, કોઈ બીજી જ દુનિયાના લાગો છો. આપ આધ્યાત્મિક, ઉપચારક ઊર્જાના નૈસર્ગિક, વિશુદ્ધ વાહક છો. આપ દ્વારા શુદ્ધ, દિવ્ય, સફેદ ઊર્જા પ્રવાહિત થાય છે, જેના વડે આપણી ઉપસ્થિતિમાત્રથી બીજાનું હીલિંગ (ઉપચાર) થાય છે."

શું નિર્જીવ વસ્તુનો પણ ઑરા હોય?

ઑરા જીવંત કે નિર્જીવ - વ્યક્તિ, સ્થાન, વાહન, કરંસી નોટ, સિક્કા, ખુરશી, ટેબલ, પુસ્તક, ચિત્ર, ચંપલ, ચાવી, શાકભાજી વગેરે કોઈ પણ વસ્તુનો હોઈ શકે. કોઈનાં ચંપલ ન પહેરવાં તેમ એટલા માટે સલાહ અપાય કે જે-તે વ્યક્તિનાં વાઇબ્રેશન્સ તેમાં ઉતર્યા હોય, તે બીજી વ્યક્તિને તકલીફ કરી શકે. તેનાથી વિપરીત, સંતોની પાદુકાને પવિત્ર મનાય, પૂજા થાય; કારણ કે તેમની ઉચ્ચ ઊર્જા પાદુકામાં પ્રવાહિત થઈ હોય. રામાયણ, શ્રીમદ્ ભાગવત, શ્રીમદ્ ભગવદ્ ગીતા જેવા પવિત્ર ગ્રંથોની વિશિષ્ટ ઊર્જા હોય. એ જ રીતે મહાત્માઓની આત્મકથામાં ઉચ્ચ વાઇબ્રેશન્સ હોય. દરેક વસ્તુ ઊર્જાથી બનેલી છે. અર્વાચીન વિજ્ઞાને માનેલું જ છે કે કોઈ પણ વસ્તુ સૉલિડ નથી, તેને વિભાજિત કરીએ એટલે મળે એટમ, પ્રોટોન, ન્યુટ્રોન, ઇલેક્ટ્રોન વગેરે. બહુ જ સરળ રીતે સમજીએ તો આ ઊર્જા, તે જ વિદ્યુત તરંગો - Electromagnetic Waves. થોડા ફોટો જોઈશું, જેથી વિશેષ ખ્યાલ આવશે.

અહીં આપેલ ચિત્ર (ફોટો નથી, ઉચ્ચ આધ્યાત્મિક ઊર્જા પ્રવાહિત કરેલું ચિત્ર છે) વિશે રિપોર્ટ કહે છે.

"This photo is of Guru which shows highly positive energy. This type of energy has been seen rarely, In the Guru's aura, colours like green and purple can be seen, which is a sign of highly enlightened soul."

રિપોર્ટ : "This is the book's cover page which shows the intention of writing the book. In this book's cover page, you can see Himalaya's photo which is pure as well as guru (author)'s photo which is also pure."

અહીં "મધુચૈતન્ય" નામક એક આધ્યાત્મિક મેગેઝિનના મુખપૃષ્ઠની તસવીર છે જેમાં પરમ પૂજ્ય શ્રી શારદામા દ્રષ્ટિગોચર થાય છે. રિપોર્ટ કહે છે: "The aura of this Guru is very pure. The aura on left hand side shows orange, the colour orange which is getting transformed into purple. The shift of energy in this aura is very quick. This shows that this is an enlightened soul. On the right hand side, you can see green color aura which shows highly spiritual energy."

હવે વિરામ લઈએ. દૈનિક જીવનમાં ઑરાને અસર કરનાર બાબતો, ઑરામાં સુધારની આવશ્યકતા ઊભી થઈ છે તેના સંકેતો, ઑરા શુદ્ધિકરણની રીતો, ઑરા મજબૂત કરવાના ઉપાયો, ઑરા અને પારસ્પરિક સંબંધો, બાળકોનો ઑરા, ઑરા વિશેની ગેરમાન્યતાઓ, કાર્યક્ષેત્રમાં ઑરાની ભૂમિકા, ઑરા અનુભવી શકાય તે માટેના પ્રેક્ટિકલ વગેરે આગામી સપ્તાહમાં આવરી લઈશું. (ક્રમશઃ)

# વાંચનથી ઉજળાયું ગામ... હવે ડિજિટલ વાંચનથી ઉજ્જવળ થતો સમાજ....



લેખક શ્રી સુજ્ઞેશ પટેલ
તંત્રીશ્રી ગરવી ગુજરાત ડિજિટલ ન્યુઝ પેપર

તામિલનાડુના એક નાના ગામમાં એક સામાન્ય બાર્બરએ અસાધારણ વિચારનું બીજ વાવ્યું. દુકાનમાં વેઇટિંગમાં બેઠેલા તેના ગ્રાહકો સમય વ્યર્થ પસાર કરે છે એ જોયું... અને તેણે વિચાર્યું—

"જો આ સમય જ્ઞાન માટે વપરાય તો?"

એણે પોતાની દુકાનમાં 10–15 પુસ્તકો મૂકી દીધાં. સાથે એક નાનો સંદેશ:

**'વાંચનારને 30 ટકા ડિસ્કાઉન્ટ'**

આ વિચાર માત્ર ઓફર નહોતો, એક સંસ્કાર હતો.

ધીમે ધીમે વાંચનનો શોખ ગ્રાહકોમાં ચઢતો ગયો. લોકો વેઇટિંગ દરમ્યાન માત્ર હેરકટનો વારો નહીં, પરંતુ નવી જાણકારીની રાહ જોતાં. થોડાં જ મહિનામાં આ નાનકડો પ્રયાસ આખા ગામની આદત બની ગયો.

**આજે એ ગામની ઓળખ છે—**
**મોટું લાઇબ્રેરી**
**દરેક ઘરમાં દસ-પંદર પુસ્તકો**

અને એક ઉક્તિ: "જેના ઘરમાં દસ પુસ્તક નથી, એ જીવનમાં કાંઈ શીખ્યું જ નથી."

આઘાતજનક સત્ય એ છે કે વાંચનથી માત્ર વ્યક્તિ બદલે છે નહીં... ગામ, સંસ્કૃતિ અને ભવિષ્ય બદલાઈ જાય છે.

## ડિજિટલ યુગ – પુસ્તકો હાથમાં નહીં, પરંતુ મોબાઇલમાં!

આજના સમયમાં હાર્ડકોપી પુસ્તકો લઈ બેસવાનો બધાને સમય ન મળતો હોય છે. પરંતુ,

મોબાઇલ અમારી જેબમાં

વિશ્વની લાઇબ્રેરી આપણા હાથમાં

વાંચન હવે વધુ સરળ બની ગયું છે. સમય ન હોવાનો પ્રશ્ન હવે વાજબી નથી—

જે વાંચવા ઇચ્છે છે તેને પ્લેટફોર્મ હંમેશા મળી રહે છે.

આ જ ઉદ્દેશ્યથી ગરવી ગુજરાત ડિજિટલ ન્યૂઝ પેપર ની શરૂઆત થઈ.

ગરવી ગુજરાત ડિજિટલ ન્યૂઝ પેપર – જ્ઞાનનું જીવંત પ્લેટફોર્મ

અહીં શું મળે છે?

સંસ્કૃતિને જાળવતો ગુજરાતી વારસો

ધાર્મિક અને આધ્યાત્મિક લેખો

સમાજને દિશા આપતા વિચારપ્રેરક લેખ

વિદ્વાન લેખકોના જીવનદર્શન

નવી પેઢીને પ્રેરણા આપે એવી સફળતાની કહાણીઓ

દેશ–વિદેશમાં રહેલા ગુજરાતીઓની ચમકતી સિદ્ધિઓ

આ માત્ર ન્યૂઝ પેપર નથી...

આ તો ગુજરાતી સમુદાયને જોડતું જ્ઞાનયજ્ઞ છે.

## વાંચન વધારવા માટે અમારો સંદેશ

દિવસના માત્ર 10 મિનિટ વાંચન, જીવનની દિશા બદલી શકે છે.

વાંચન મનને શાંત કરે છે, નિર્ણયક્ષમતા વધારે છે અને વિચારને ઊંડાણ આપે છે.

બાળકોથી લઈને વડીલો સુધી, દરેક માટે જ્ઞાનનો પ્રકાશ સમાન રીતે ચમકે છે.

ડિજિટલ યુગમાં વાંચન હવે મુશ્કેલ નહીં– માત્ર ઈચ્છા જોઈએ.

વાંચન સમાજની ગુણવત્તામાં સૌથી મોટો ફેરફાર લાવે છે.

## તમામ વાચકોને આમંત્રણ

જો આપને પણ કોઈ ઉત્તમ જ્ઞાન, અનુભવ, સંસ્કૃતિ, સફળતા કે સમાજ માટે ઉપયોગી માહિતી શેર કરવાની હોય,

તો ગરવી ગુજરાત ડિજિટલ ન્યૂઝ પેપર આપનું સ્વાગત કરે છે. જ્ઞાન વધે તો સમાજ વધે... અને સમાજ વધે તો રાષ્ટ્ર મજબૂત બને.


# પરદેશ પાર્સલ સર્વિસ

ups DHL TNT FedEx Express dpd

અમેરીકા, યુ.કે., કેનેડા, ઓસ્ટ્રેલિયા, દુબઇ, ન્યુઝીલેન્ડ, આફ્રીકા તથા અન્ય દેશોમાં

વ્યાજબી ભાવ, ઝડપી સર્વિસ

Free Box Packing
Easy Online Tracking
Free Pick-Up
Worldwide Services


Air Freight Logistics

ANAND, NADIAD, AHEMDABAD, VADODARA


Mo. : +91 98798 56249


Stellar homes
Home staging
"Transform Your Space, Sell Your Home Faster"
We elevate your home into a refined,
beautifully curated expression of living.
Book your consultation today with Stellar homes.
+1(437)-961-1477
urvi.stellarhomes@gmail.com
@stellarhomes_staging
@STELLARHOMES_STAGING
Urvi Thakar
Your staging expert

# કેનેડા, વિન્ટર સીઝન - શિયાળાના દિવસોમાં રસપ્રદ અને સર્જનાત્મક પ્રવૃત્તિ














હાલ કેનેડામાં વિન્ટર સીઝન ચાલી રહી છે અને ઠંડીના કારણે ઘણા સિનિયર સભ્યો ઘરે જ રહીને પોતાનો સમય વિતાવે છે. આવા સમયે ઘરથી બહાર જવું મુશ્કેલ બની જાય છે. પરંપરાગત રીતે, લોકો ટીવી જોવું કે આરામ કરવું પસંદ કરે છે, પણ કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓ શિયાળાના દિવસોનો લાભ પોતાના શોખ અને સર્જનાત્મક પ્રવૃત્તિમાં લે છે.

અમારા અધતન પેપરમાં, તંત્રી શ્રી સુજ્ઞેશ પટેલએ વાંચનને જીવંત રાખવાના મહત્વ પર લેખ લખ્યા છે, જે સિનિયર વાચકો માટે પ્રેરણાદાયી છે. તેમણે જણાવ્યું કે, વાંચન માત્ર સમય પસાર કરવાનો માધ્યમ નથી, પરંતુ મનને તાજગી અને જીવનને નવી દ્રષ્ટિ આપતું સાધન છે.





તેમજ, કેનેડાના સિનિયર સભ્ય પિયુષભાઈ શાહ શિયાળાના દિવસોને ઘેર બેઠા ડ્રોઈંગ અને ચિત્રકલામાં વ્યતીત કરે છે. પિયુષભાઈએ જણાવ્યું કે આ પ્રવૃત્તિ તેમને આનંદ અને શાંતિ આપે છે. તેમની ખાસ બનાવેલી ડિઝાઇન અને ચિત્રો આ પ્રવૃત્તિની નોંધપાત્ર ઝાંખી પ્રદર્શિત કરે છે. તેઓ કહે છે કે, જો તમારું મન પણ આવું શોખ ધરાવે છે, તો YouTube અને ઓનલાઈન માધ્યમો દ્વારા સરળતાથી તમામ જરૂરી માહિતી મેળવી શકીએ છીએ.

આશય એ છે કે, શિયાળાના ઠંડા દિવસોમાં પણ સર્જનાત્મકતા, શિક્ષણ અને આનંદ સાથે સમય વિતાવી શકાય છે. માત્ર ટેલીવિઝન નહિ, પણ વાંચન, ચિત્રકલા અને સર્જનાત્મક હોબીઓ આપણાં જીવનને સમૃદ્ધ બનાવે છે. પિયુષભાઈ શાહની જેમ, જો તમે તમારી રુચિ અનુકૂળ પ્રવૃત્તિમાં જોડાવ, તો ઘરમાં બેસી પણ શિયાળાનો મહિમા માણી શકશો.

આ લેખ ન માત્ર શિયાળામાં ઘર બેઠા આનંદ મેળવવાના માર્ગ દર્શાવે છે, પરંતુ દરેક વાચકને પોતાના શોખને જીવંત રાખવા અને સર્જનાત્મકતાને પ્રેરણા આપવાનો સંદેશ પણ આપે છે.

ગરવી ગુજરાત ડિજિટલ ન્યુઝ પેપર તરફથી પ્રિય વાચકો આદરણીય લેખકગણ અને હંમેશા સહાયક થતા સ્પોન્સર્સ મિત્રોને નવા વર્ષની ખુબ ખુબ શુભેચ્છાઓ.




કેનેડામાં થતા કોઈપણ સાંસ્કૃતિક કે ધાર્મિક પ્રોગ્રામના સમાચાર તથા પોતાના ધંધાકીય વિકાસની એડવર્ટાઈઝ માટે સંપર્ક કરો

સુજ્ઞેશ પટેલ

(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ન્યુઝ પેપર) 4379670062

# "સોશિયલ મિડિયા"

## સત્યતા, સંયમ, સમજદારી, સમયસુચકતા અને સન્માન જરુરી



લેખક શ્રી કિરીટભાઈ ત્રિવેદી ગાંધીનગર, ગુજરાત

(ભાગ-૧)

આધુનિક વિશ્વ હવે એ. આઈ. -આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સના એક નવા જ બ્રહ્માંડમાં જાણે પ્રવેશ કરી રહ્યું હોય તેવું લાગે છે. એક અકલ્પનીય વિશ્વ તરફ સૌ કોઈ ગતિ કરવા જઈ રહ્યા હોય તેવું લાગે છે અને મનુષ્યની પોતાની બુધ્ધિ જે સર્જન કરી શકે છે તેવા જ વિવિધ આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સના સોપાનોની મદદથી જીવન જીવવા માટેની દરેક પ્રવૃતિઓ માટે અલગ અલગ પ્રકારની ટેકનીક્સ અને રોબોટ સાકાર લઈ રહ્યા છે એ વાસ્તવિકતા સ્વિકારી ત્યારે માનવ સહજ પ્રશ્ન તો થાય કે આધુનિક ટેકનોલોજીની વિવિધતા, સામર્થતા અને ઉપયોગિતાની નવી શોધ ખોળોનો અંત ક્યાં છે?ક્યારે, મનુષ્ય ઈશ્વર રચિત આ બ્રહ્માંડનો તાગ મેળવવાનું ભુલી જઈ આ પૃથ્વી પરના કરોડો માણસોના કલ્યાણ માટે સમય ફાળવશે?ક્યારે એક વ્યક્તિ કે સમુહ અન્ય મનુષ્યની સાચા અર્થમાં ચિંતા, ખેવના કે તેના દર્દની ચિંતા કરી તેને સહાય રુપ બનવા પ્રયત્ન કરશે, નહિં કે તેના અંગત જીવનમાં બીનજરુરી ડોકીયું કરી, તેની દરેક પ્રવૃતિને મોબાઈલ અને અન્ય આધુનિક કેમેરામાં કેદ કરી અસંયમિત અને બીન જવાબદાર એવા અનેક સોશિયલ મીડીયાના જાહેર માધ્યમો દ્વારા જગ જાહેર કરી એક અલગ પ્રકારની માનસિકતાનો પરિચય આપતા રહેશે?

અત્યારે તો આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સના પુરોગામી બનવા જઈ રહેલા અનેક સોશિયલ મિડીયાના માધ્યમો લોકોને ખરા અર્થમાં મદદરૂપ થવાને બદલે વ્યક્તિના અંગત જીવનને મહા મુશ્કેલી અને દયાજનક સ્થિતિનું નિર્માણ કરનાર બને છે એ હકીકત પાપારાઝી લોકોને ક્યારે સમજાશે?વ્યક્તિના અંગત જીવનમાં ગમે તે ભોગે રીતે ડોકીયું કરવાની ટેવવાળા લોકો માટે અંગ્રેજીમાં એક શબ્દ ખુબ પ્રખ્યાત છે 'પાપારાઝી'. ઘણી વખત આવા લોકોની બાલિશતા અને અમર્યાદ પાગલપન વિશ્વમાં ઘણા મહાનુભાવોને અને સેલેબ્રીટીને ખૂબજ નુકસાન કરતા હોય છે તે સત્ય છે. કદાચ સૌને અત્યારે બ્રીટીશ રાજઘરાનાના લેડી ડાયેનાના ૧૯૯૭ની સાલમા થયેલ ગંભીર અકસ્માત અને ત્યાર બાદ દુ:ખદ અવસાનની યાદ આવી હશે. 'પાપારાઝી' ક્યાં સુધી જશે. ? પ્રશ્ન સહેલો લાગે છે પણ જવાબ તો આપણે સૌ સાથે મળીને શોધવો રહ્યો.

આટલી પ્રસ્તાવના લખવાનું કારણ તાજેતરમાં બનેલ ઘણી દુ:ખદ ઘટનાઓ છે જેનું મુળ આવા પાપારાજી અને સોશિયલ મિડિયામાં પોતે સૌથી પહેલાં કોઈપણ ઘટના અંગેનો મેસેજ પ્રચારિત-પ્રસારિત-કરી શકે તે બાબતની અતિરિકતા છે. સોશિયલ મિડિયામાં તમે આનંદ માટેના કોઈપણ મેસેજ શેર કરો, પોતાની રીલ બનાવી મોકલો તેની સાથે સમાજને કોઈ વાંધો હોઈ શકે નહિં, પણ વાત જયારે કોઈ વ્યક્તિઓની અંગત પ્રકારની હોય, કોઈ સેલેબ્રેટીના કે અન્ય લોકોના પણ મૃત્યુના સમાચાર કે જ્યારે તે હોસ્પીટલમાં સઘન સારવાર હેઠળ હોય-અને ખરેખર જીવિત હોય-ત્યારે કોઈપણ પ્રકારની ચકાસણી કર્યા વિના-ખરાઈ કર્યા વિના-ખોટી રીતે આવા સોશિયલ મિડિયામાં ફૈલાવવામાં આવે તો તે વ્યક્તિની તો અક્ષમ્ય બેદરકારી તો ગણાય પણ સાથો સાથ આ સમાજની ઊણપ પણ છે, કારણ કે, જેવા એક વ્યક્તિએ આવા ખોટા અને અસત્ય સમાચાર શેર કર્યા એટલે તરતજ લાખો લોકોએ પણ પહેલાં હું ની જેમ પોતે પણ આ સમાચાર સોશિયલ મિડિયામાં વહેતા કર્યા. આ ઘણું જ કષ્ટદાયક છે એ લોકો માટે જેઓ પોતાના સ્વજનની સારવાર અને માંદગીની પળોમાં હૂંફનો, માનવતાનો, પ્રેમ અને લાગણીનો સહારો શોધતાં હોય છે પોતાના દુ:ખને ભુલવા માટે, ત્યારે અમુક લોકો ઈશ્વરની પણ પહેલાં તેઓના સ્વજનને સ્વર્ગવાસી બનાવી 'તેના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે' જેવા આશ્વાસનો પાઠવતા થઈ જઈએ છીએ. આ ખૂબજ મોટી કરુણતાં છે આપણા સોશિયલ મીડીયાની. આજે વાત જ્યારે ખૂબ મોટી હસ્તીની હોય કે કોઈપણ અન્ય વ્યક્તિની-તેના વ્યકતિગત જીવનમાં છાને ખુણે ચોરી છુપીથી ડોકીયું કરવાવાળા આપણે વળી કોણ છીએ? સૌને પોતાનું અંગત જીવન પોતાની રીતે જીવવાની સૌને આઝાદી છે. અહિં એક વાત એ પણ સત્ય છે કે, સેલેબ્રેટીની પણ ક્યારેક અતિ ઉત્સાહમાં અને લોકોમાં વિશિષ્ટ છાપ ઉભી કરવા મર્યાદા ઓળંગતા હોય છે. આમ ઉભય પક્ષે ઘણી જવાબદારી સામાજીક જીવન માટે ખૂબજ મહત્વની હોય છે અને આજના ઝડપી સોશિયલમાં આ ગંભીર બાબત બની જાય છે.

આ વિષય ખૂબજ ગંભીર છે એટલે એક લેખમાં તો કદાચ સમાવેશ થશે નહિં, બીજા ભાગમાં થોડી મહત્વની વાતો જાણીશું અને એ પણ જાણીશું કે કેવી રીતે ૧૯૭૯ની સાલમાં તત્કાલિન વડાપ્રધાન સ્વ. મોરારજી ભાઈ દેસાઈએ કોઈ અગમ્ય કારણોસર ભુલથી હોસ્પીટલમાં સારવાર હેઠળ રહેલા લોકનાયક તરીકે જાણીતા એવા જયપ્રકાશ નારાયણજીના મૃત્યુના સમાચાર લોકસભામાં જાહેર કર્યા હતા અને બાદમાં સત્ય જાણ્યા બાદ સૌની માફી માંગી હતી. અત્યારે થોડી જુની વાતો-ઈતિહાસ તરફ નજર ફેરવીએ તો જણાશે કે, વર્ષો અગાઉ પણ સમગ્ર અસંખ્ય વ્યક્તિઓ ખાસ કરીને સેલિબ્રિટીઓ અંગે સોશિયલ મીડિયા પર મૃત્યુની ખોટી વાતો વહેતી થઈ હતી. જેમાં તેમના મૃત્યુના ખોટા અહેવાલો ઝડપથી ઓનલાઈન ફેલાય છે તેઓ જીવંત અને સ્વસ્થ હોવા છતાં. આ ઘટનાએ જાહેર હસ્તીઓની વિશાળ શ્રેણીને અસર કરી છે, જેના કારણે તેમના પરિવારો દુ:ખી થયા છે અને ચાહકોમાં મૂંઝવણ ઊભી થઈ છે. અહિં થોડા નોંધપાત્ર ઉદાહરણોમાં સામેલ છે.

જેકી ચાન: આ એક્શન સ્ટાર ઘણી વખત મૃત્યુની અફવાઓનો ભોગ બન્યો છે, ઘણી વાર એવી અફવાઓ પણ આવતી રહે છે કે તેમનું મૃત્યુ સ્ટંટની ઇજાઓ અથવા શૂટિંગ દરમિયાન થયેલા અકસ્માતોને કારણે થયું છે.

મોર્ગન ફ્રીમેન: ઓસ્કાર વિજેતા અભિનેતાને સોશિયલ મિડિયા પર વારંવાર તેમના મૃત્યુના ખોટા અહેવાલોનો સામનો કરવો પડ્યો છે, ઘણીવાર તેઓ અફવાઓને રદિયો આપવા માટે રમૂજનો ઉપયોગ કરે છે.

જસ્ટિન બીબર: ૨૦૧૦માં એક નકલી સમાચાર લેખમાં દાવો કરવામાં આવ્યો હતો કે ગાયકનું કાર અકસ્માતમાં મૃત્યુ થયું હતું. એક છેતરપિંડી જે વર્ષોથી વિવિધ સ્વરૂપોમાં ચાલુ છે.

મેકોલે કલ્કિન: ૨૦૧૪માં એવા અહેવાલો વહેતા થયા હતા કે હોમ અલોન અભિનેતા તેના એપાર્ટમેન્ટમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. બાદમાં કલ્કિને સોશિયલ મીડિયા પર પોતાના ફોટા પોસ્ટ કરીને પરિસ્થિતિની મજાક ઉડાવી હતી.

જીમ કેરી: આ કોમેડિયન ઇન્ટરનેટ પર અનેક મૃત્યુની અફવાઓનો વિષય બન્યો હતો જેમાં એવો દાવો પણ સામેલ હતો કે તેમનું મૃત્યુ સ્નોબોર્ડિંગ અકસ્માતમાં થયું હતું.

રોવાન એટકિન્સન: "મિસ્ટર બીન" અભિનેતા વારંવાર ખોટા સમાચારનો ભોગ બન્યા છે જેમાં તેમના મૃત્યુનો દાવો કરવામાં આવ્યો છે કે તેમનું મૃત્યુ કાર અકસ્માતમાં અથવા આત્મહત્યા દ્વારા થયું છે.

પોલ મેકકાર્ટની: "પોલ મૃત્યુ પામ્યો છે" અફવા ૧૯૬૦ના દાયકામાં સોશિયલ મીડિયાના ફેલાઈ હતી.

હીથ સ્ટ્રીક: ઝિમ્બાબ્વેના ભૂતપૂર્વ ક્રિકેટરને તેમના ભૂતપૂર્વ સાથી ખેલાડીએ સોશિયલ મીડિયા પર ભૂલથી મૃત જાહેર કરી દીધો હતો;પછીથી માહિતીમાં સુધારો કરીને પુષ્ટિ કરવામાં આવી હતી કે તેઓ જીવંત છે (જોકે આ અફવાને ખોટી ઠેરવ્યા પછી તરત જ તેમનું મૃત્યુ થયું હતું).

જીમી કાર્ટર: ભૂતપૂર્વ યુએસ રાષ્ટ્રપતિના મૃત્યુની જાહેરાત કરતો એક બનાવટી પત્ર જુલાઈ ૨૦૨૪માં(તે વર્ષના અંતમાં તેમના વાસ્તવિક મૃત્યુ પહેલાં)સોશિયલ મીડિયા પર ફરતો થયો હતો જેમાં ઓછામાં ઓછા એક યુએસ સેનેટર મજાકમાં ફસાઈ ગયા હતા. આવા તો અનેક ઉદાહરણો છે જે અંગે આવતા અંકમા જાણીશું

જેફ ગોલ્ડબ્લમ, બિલ મુરે, જોન બોન જોવી: આ કલાકારો અને સંગીતકારો એવા ઘણા લોકોમાંના છે જેઓ મૃત્યુની છેતરપિંડીનો ભોગ બન્યા છે, જેમાં ઘણીવાર સ્નોબોર્ડિંગ જેવા અકસ્માતોના ખોટા અહેવાલો સામેલ હોય છે.

તાજેતરમા જ મહાન કલાકાર ધર્મેન્દ્રજીના અવસાનના ખોટા સમાચાર જે રીતે સોશિયલ મિડિયા અને સમાચાર ચેનલો દ્વારા પ્રસારિત કરવામા આવ્યા હતા તે તો પરાકાષ્ટા સમાન છે કારણ કે, એક સોશિયલ મિડિયા દ્વારા જ લોકલાડીલા ધર્મેન્દ્ર પોતે પોતાના અવસાનના સમાચાર હોસ્પીટલના બિછાનેથી ટીવી પર જોઈ રહ્યા છે તેવો ફોટો શેર કર્યો હતો. અને તેથી જ હવે સૌએ થોડી સમજદારી અને સંયમ રાખવો જરુરી છે એવું તો લાગે છે. ઈશ્વર તેઓને દીર્ઘાયુ અર્પે એવી પ્રાર્થના સહ. અસ્તુ.

(ક્રમશ: )